॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**


**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની

**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.9428222357

**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હૉલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯


## ॥ ગંગા-જમુના વચ્ચે એક મઢૂલી ॥

'એહિ પાર ગંગા વોહિ પાર જમુના  
બિચવાં મંડૈયા હમકાં છવાયે જઈઓ...'

આપણા શ્રેષ્ઠ સંતકવિ કબીર પોતાના એક નાનકડા પદની આ માર્મિક પંક્તિઓમાં જીવ અને શિવનો સંબંધ વિપ્રલંભ શૃંગારની ભાષામાં ખૂબ સુંદર રીતે વહેતો કરે છે :

'એક બાજુ ગંગા છે અને બીજા બાજુ જમુના છે. તો હે પ્રિયતમ ! તમે જાઓ ત્યારે આ બેની વચ્ચે અમારે માટે એક મઢૂલી તૈયાર કરીને જજો. અર્થાત્ એક બાજુ જાત છે, બીજી બાજુ જગત છે. આ બન્નેની વચ્ચે તમે છો. તો હું 'કાયમ તમારામાં લીન-તલ્લીન રહું એવી મારા મનની મઢૂલી' કરી આપો. તમારું જ નામ, તમારા જ જપ, તમારી જ સ્તુતિ, તમારી જ ભક્તિ, તમારો જ રંગ, તમારો જ રાગ, તમારું જ ધ્યાન, તમારી જ રટણા, તમારું જ જ્ઞાન, તમારી જ સમાધિ. તમારી જ ચૂંદડી ઓઢી છે તો એ ચૂંદડીના પાલવને કાગળ બનાવી એના પર તમારી મોહિની મૂરત-તમારી સૂરત આ હૃદયમાં આલેખતા જજો. તમારી જ બાંય ગ્રહી છે, તમારો જ એક આધાર છે તો જતાં જતાં મને રાહ બતાવતા જાઓ. એક એવો રાહ કે જેના પર હું તમારી સાથે ને સાથે અહર્નિશ રહી શકું. તમારું સતત સાન્નિધ્ય રહે એવો કોઈ માર્ગ, એવો કોઈ રસ્તો તમે મને બતાવતા જાઓ. તમારા વિરહમાં દિવસો પસાર કરવાની કોઈ યુક્તિ, કોઈ ઉપાય બતાવતા જાઓ.'

**–'કહત કબીર'**

**(સંપાદન : સુરેશ દલાલ)**

॥ ॐ યોગેશ્વરાય નમઃ ॥

॥ ॐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

## આ અંકની વિશેષતા

## ॥ શ્રીગંગામાહાત્મ્ય ॥

'પ્રયાગરાજે તીર્થસ્વરૂપ હે મા ગંગા કરું પ્રણામ.
ગંગાસાગરે પૂર્ણસ્વરૂપ હે મા ગંગા કરું પ્રણામ.
યોગેશ્વરની મીઠી છાંય હે મા ગંગા કરું પ્રણામ.
સર્વેશ્વરીની શીતળ ગોદ હે મા ગંગા કરું પ્રણામ.
એકાવન વંદન કરે ગંગાજી પ્રસન્ન બને, પીડા તેની સઘળી હરે.
આગળપાછળ છત્ર ધરે, ઉપર મીઠી છાંય ધારે, અંકે લઈને જ એ ઠરે.
'સર્વેશ્વરી' શ્રદ્ધાથી ગાય અમૃતરસ પીએ ને પાય
જય જય શ્રી ગંગામાત !
જય જય શ્રી સુરસરી માત !'

**–શ્રી 'મા' સર્વેશ્વરી**



# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| | નિવેદન | | ૫ |
| ૧. | શ્રી યોગેશ્વરકથામૃત | પૂ. શ્રી 'મા' સર્વેશ્વરી | ૬ |
| ૨. | હે ગંગાજી, પધારો રે | " | ૮ |
| ૩. | ગંગા નદીનું ભૌગોલિક તેમજ આધ્યાત્મિક મહત્ત્વ | સંકલન | ૧૨ |
| ૪. | 'રામચરિતમાનસ'માં નવધા ભક્તિ | શ્રી ગોવિંદભાઈ ભક્ત | ૧૪ |
| ૫. | કબીરસાહેબના વચનામૃતને આધારે નવધા ભક્તિ | " | ૧૯ |
| ૬. | મહાપુરુષના મેળાપને માટે શું કરવું ? | શ્રી યોગેશ્વરજી | ૩૦ |
| ૭. | ભાવાત્મક એકતામંત્ર | " | ૩૨ |
| ૮. | ઈશ્વરદર્શન | " | ૩૬ |
| ૯. | ગીતાનો અમર ઉપદેશ | " | ૩૮ |
| ૧૦. | સદ્‌ગુરુ વિશે | " | ૪૧ |
| ૧૧. | ધ્યાનની સાધના : પ્રશ્નોત્તરી | " | ૪૩ |
| ૧૨. | શ્રીકૃષ્ણવિષયક જિજ્ઞાસા | " | ૫૧ |
| ૧૩. | મર્યાદા પુરુષોત્તમ | " | ૫૪ |
| ૧૪. | સખ્યભક્તિ | " | ૫૬ |
| ૧૫. | ગુરુ અને શિષ્યનો સંબંધ | શ્રી કનૈયાલાલ ઝિંઝુવાડિયા | ૫૯ |
| ૧૬. | સો સો વર્ષોનાં વહાણાં | શ્રી રૂચિર પંડ્યા | ૬૨ |
| ૧૭. | ભજનભાવે ભરપૂર | શ્રી મનસુખ કાકડિયા | ૬૩ |
| ૧૮. | પ્રેમપદારથ | શ્રી મનુભાઈ વ્યાસ | ૬૪ |

## નિવેદન : 'અઢળક ઢળિયો શામળિયો...'

એક પ્રસિદ્ધ ઉદ્યોગપતિ કોઈ વિજ્ઞાપનના વિતરક સાથે વાતોમાં હતા. ત્યાં બાજુના ચર્ચનો ઘંટારવ સંભળાયો. વિતરકે કહ્યું, 'આપ સો વરસથી સવારસાંજ નિયમિત થતો આ ઘંટારવ તો સાંભળતા જ હશો પણ એ શું સૂચવે છે, તે તમે જાણો છો ? ઈશ્વર સ્વયં જ લોકોને ઢંઢોળતાં કહે છે કે; 'મને ભૂલી ન જતા. હું અહીં જ છું.' ઘંટારવનો આ સંકેત જાણ્યો એ જ દિવસથી ઉદ્યોગપતિએ ઘંટારવની સંકેતની જાહેરાત આપવાનું શરૂ કરી દીધું. એને સમજાઈ ગયું કે, 'સારી વસ્તુની પણ રજૂઆત સતત થાય એ જરૂરી છે.' જ્ઞાનીઓ પણ માને જ છે કે, તમારી પાસે કશુંક શુભ કે સત્ય' હોય તે સાચવીને ચૂપ ન બેસી રહેતા. લોકો સુધી એને પહોંચાડવા પ્રયત્નશીલ રહેજો. આપમેળે અનેક લોકો આ તરફ આવતા હોય તો પણ બીજા અસંખ્ય લોકો બાકી છે; જેમના સુધી સત્યનો સ્વર પહોંચ્યો નથી.

આપણાં પરમ પ્રેમમયી 'મા સર્વેશ્વરી' પણ કદાચ આવા જ શુભ આશયથી સૌ કોઈને 'ગંગાદર્શન' માટે પ્રેરી રહ્યાં છે. 'ગંગાજીના ચૈતન્યમય સ્વરૂપનું સત્ય' સ્વયં પ્રતીત કરી, એના ચાહક-પૂજક-સંવાહક બનવા તત્પર રહી, દૂર દૂર સુધી પુણ્યસલિલા, સતતવાહી ગંગાજીના ખળખળ વહેતા, સાગર તરફ ધસમસતા જળનો સ્વર, પહોંચે એ માટે પ્રતિપળ પ્રયત્નશીલ રહે છે. પોતાની ઉપસ્થિતિથી કોઈના જીવનમાં 'સત્ય-શિવ-સુંદર'નું એક નાનકડું કિરણ પણ પ્રવેશતું હોય તો એ અવસર પૂજ્યશ્રી'મા' કદી ચૂકતાં નથી.

તેમાંય ગુરુભગવંત શ્રી યોગેશ્વરજીના પુનિત શ્રીચરણસંસ્પર્શ પામેલા 'દેવપ્રયાગથી ટિહરી'ના માર્ગ પર સત્સંગીઓની પદયાત્રાને આવકારી, એને ઑર મહિમાવંતો બનાવી રહ્યાં છે. સાથે જ 'કોટેશ્વર મહાદેવ'ના મંદિરનું એક પરિમાણ ઉમેરી મંગલ યાત્રાને ઑર મંગલમય બનાવી, સાધનાનો એક 'અનોખો રાહ' ચીંધી રહ્યાં છે.

ભક્તોના કલ્યાણની વાત આવે એટલે આપણાં 'મા' 'અઢળક ઢળિયો શામળિયો'નું મૂર્તિમંત સ્વરૂપ જ બની જાય !



# ॥ શ્રી યોગેશ્વરકથામૃત ॥

**દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ—દિન ૯૮**

**તા. ૨૨-૨-૮૩, મંગળવાર, ફાગણ સુદ નોમ ૨૦૩૯ ડરબન શહેર**

આજે વાતાવરણમાં ઠંડક છે. બહાર ઠંડો પવન ચાલી રહ્યો છે.

પૂ.શ્રી ભોજન બાદ બહાર બાગમાં દશબાર આંટા લગાવે છે. તે દરમિયાન દરરોજની જેમ આજે પણ ઓરડાની સફાઈ થઈ જાય છે.

પૂ.શ્રી ભોજન સમયે દૂધ લે છે. એક ગ્લાસ દૂધ બપોરે લે છે.

આજે સાંજે યોગશાળા, રિઝર્વહીલમાં છ વાગ્યે જવાનું ગોઠવાયું છે, જ્યાં અંગ્રેજીમાં પ્રવચન-કાર્યક્રમ થશે. શ્રી રતિભાઈના ઘરેથી દશ જ મિનિટના માર્ગે ત્યાં પહોંચ્યાં. ત્યારે વરસાદ ચાલુ હતો.

જ્યાં પ્રવચન હતું ત્યાં જતાં જ આયોજક શ્રી જગરૂપે નીચા નમીને અમને નમસ્કાર કર્યા. ધૂન-ભજન તો ચાલુ જ હતાં.

થોડીવાર પછી શ્રી જગરૂપે ખૂબ આનંદ વ્યક્ત કરતાં સ્વાગતના શબ્દો કહ્યા. શ્રી રતિભાઈએ પૂ.શ્રીનો પરિચય આપ્યો અને 'હઠયોગ' ઉપર પ્રવચન આપવા પૂ.શ્રીને વિનંતિ કરી. પૂ.શ્રીને વિષયની જાણ પણ કરાઈ ન હતી. પણ પૂ.શ્રીની પ્રતિભા કોઈ પણ વિષયમાં પ્રગટી ઊઠે છે તે પ્રવચન ગોઠવનારા જાણી ચૂક્યા છે, જેથી પૂ.શ્રીને ત્યાં જ વિષય આપે છે.

અંગ્રેજીમાં પૂ.શ્રીએ હઠયોગ ને રાજયોગ વચ્ચેના તફાવતની સુંદર છણાવટ કરી. ત્યારબાદ પ્રશ્નોત્તરી થઈ.

અંગ્રેજ ભાઈ-બહેનો પણ હતાં. તે પૈકીનાંએ એક-બે એ પ્રશ્નો પૂછ્યાઃ

પ્રશ્ન :'સૂરત શબ્દયોગ' એટલે શું?

યોગની ક્રિયાથી વિપરીત અસર થાય?

સમય ઘણો જ ઓછો હતો, જેથી પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ ટૂંકાવીને અમે ત્યાંથી વિદાય લીધી.

સખત વરસાદ હતો. ઉતારા ઉપર આવી, એકાદ મિનિટમાં તો હૉલમાં જવા નીકળ્યાં, ત્યારે સાડા સાત વાગી ગયા હતા. હિન્દુ સેવા સમાજના હૉલમાં પહોંચ્યા, ત્યારે ભજન-ધૂન ચાલુ હતાં.

પૂ.શ્રીએ આજનું પ્રવચન અંગ્રેજી ને હિન્દી- બન્ને ભાષામાં આપ્યું.

આજનું પ્રવચન ખૂબ જ સરસ હતું, એવા સહજ ઉદ્‌ગારો ત્યાંના સંચાલકના મુખેથી સરી પડ્યા.

પ્રવચન બાદ આરતી થાય છે. ત્યારબાદ જેને ખાસ રસ હતો તેઓ મંચ ઉપર પ્રણામ કરવા આવે છે. બાકીના પ્રસાદ લઈ વિદાય થાય છે.

હૉલમાંથી નીકળી ગાડીમાં બેસતાં પહેલાં પૂ.શ્રીએ શાંતિભાઈને કહ્યુંઃ અમને સત્સંગની દૃષ્ટિએ આ દેશ ગમ્યો. જુદી જુદી સંસ્થાઓમાં જે પ્રવચનો થયાં તેનો ઘણાંબધાંએ લાભ લીધો છે.

ઉતારા ઉપર આવીને આરામ કર્યો.

**હરિઃૐ**

**–પૂ.શ્રી'મા' સર્વેશ્વરી**



# ॥ હે ગંગાજી, પધારો રે ॥

**(રાગ : ઝુકાવ્યું જીવન)**

હે ગંગાજી, પધારો રે
વાટ જોવું છું...હે ગંગાજી !
ગંગાજળ આંખમાં આંજો
દશ્યો દૂષિત દફનાવો
મને નેત્રસ્નાન કરાવો રે...વાટ જોવું છું.
મારા કર્ણમાં આપ પ્રવેશો
સંસારી શ્રવણ હઠાવો
મને કર્ણસ્નાન કરાવો રે...વાટ જોવું છું.
મારા મુખમાં પ્રેમે પધારો
મૌનપ્રસાદીને ચખાડો
મને સુખનું સ્નાન કરાવો રે...વાટ જોવું છું.
પગ ગંગાજળથી ધોજો
હવે ક્યાંયે ન જાયે એ જોજો
મને ચરણસ્નાન કરાવો રે...વાટ જોવું છું.
મારા મનના મેલને ધોજો
હરિ નામમાં એને જોડો
મને મનનું સ્નાન કરાવો રે...વાટ જોવું છું.
પંચસ્નાન પ્રેમે કરાવો
સર્વેશ્વરીને પલટાવો
તવ નામનો મહિમા વધારો રે...વાટ જોવું છું.

**–શ્રી 'મા' સર્વેશ્વરી**

(૨૨/૨/૨૦૧૦)

★

## ।। પદની રસલક્ષી સમીક્ષા ।।

હિંદુઓ પોતાના પાપનાશન માટે ગંગાનદીનો ઉપયોગ કરે છે. ગંગાસ્નાનથી સઘળાં પાપ ધોવાઈ જાય છે તેવી માન્યતા છે. પૂજ્યશ્રી'મા' પણ અનન્ય શ્રદ્ધાભાવે ગંગાજી સાથે તદ્રૂપ છે. પરંતુ 'મા'ની દૃષ્ટિ અભિનવ અને મૌલિક છે. તેમને મન 'સ્નાન કરવું' અને 'શુદ્ધ થવું' આ બે ઘટના અલગ છે એટલે ગંગાજીને 'સ્થૂળ જોવાં' અને 'સૂક્ષ્મ રીતે અનુભવવાં' એ બે વચ્ચેનો ભેદ પારદર્શક રીતે રજૂ કરી આપતું એક અભૂતપૂર્વ પદ 'હે ગંગાજી, પધારો રે' રચી શકે છે.

આમ તો લાખો યાત્રિકો વર્ષોવર્ષ ગંગાજીમાં સ્નાન કરી, કૃતાર્થ થઈ પાછા ફરતા હશે. કદાચ પોતાની પધરામણીની નોંધ ગંગાજી પાસે કરાવી લેતા હશે. પણ કોઈએ જે ત્યાં હાજર જ છે, એને પધારવા માટે વિનવણી કરવાની ભૂલ(!) 'મા'ની જેમ નહિ કરી હોય. કિન્તુ 'મા' ગંગાજી સન્મુખ ગંગાજીને પધારવા અનુનય કરે છે એટલું જ નહિ પોતે આતુરતાપૂર્વક એમની રાહ જુએ છે એમ કહી; પોતાની ભાવવિહ્વલતા પણ પ્રગટ કરી રહે છે. એટલે કાવ્યનો પ્રારંભ અત્યંત ચમત્કૃતિભર્યો, વિસ્મયકારક બની રહે છે.

સ્પષ્ટ છે કે, 'મા'ને સ્થૂળ સ્નાન કરી, ગંગાજલથી ભીંજાઈ થઈ, ધન્ય થઈ જવાની ઉતાવળ નથી. એમને તો ગંગાજીના જલતત્ત્વને પોતાના અસ્તિત્વના અંશેઅંશમાં આત્મસાત્ કરી લેવું છે. શરીર ઝબકોળાયાનું ક્ષણિક સુખ નહિ, તન-મન સંપૂર્ણ



પ્રક્ષાલિત કરી, ચિત્તની તમામ અશુદ્ધિઓ દૂર કરી, પોતાને સંપૂર્ણ પલટી દઈ, એ નિમિત્તે ગંગાજીના નામનો જે મહિમા છે એના કરતાં વિશેષ વૃદ્ધિ પામે એવું 'કંઈક' કરવું છે. અર્થાત્ શાસ્ત્રોક્ત ધાર્મિક મહત્ત્વ કરતાં પણ ગંગાજીનાં સ્વયંસ્ફૂર્ત ક્ષમતા-સામર્થ્ય, દેવીતુલ્ય શક્તિમત્તાના મહિમાને 'મા' બરાબર પિછાને છે, એટલે બહુ શાંતિથી પોતાનાં નેત્ર, કર્ણ, મુખ, ચરણ તેમજ મનની સંપૂર્ણ શુદ્ધિ માટે ગંગાસ્નાનનું મૂલ્ય આંકે છે.

આ સ્નાન શા માટે અનિવાર્ય છે એનો હવાલો પણ અત્યંત પ્રામાણિકતા અને નિખાલસતાથી આપી દે છે. આ આંખે ઘણાં દૂષિત દશ્યો જોયાં હશે, સુદર્શનને બદલે કુદર્શન વધારે કર્યું હશે. એટલે તમારા જલે રીતસર આંખનું અંજન બનીને એ કચરો દૂર કરી, એનું જોવાનું તેજ વધારવું પડશે. આ કર્ણ રાગદ્વેષ, સુખદુઃખથી ભરચક સંસારી શ્રવણમાં જ રોકાયેલા રહ્યા છે, ત્યાં તમારે પ્રતિષ્ઠ થઈ, એ દુરિતને હઠાવવા પડશે. આ મુખ વધારે પડતા વાણીના પ્રલાપો-બબડાટોથી ભરચક છે એને તમે મૌનપ્રસાદી ચખાડજો, મૌનનું મૂલ્ય સમજાવજો. આ પગ ગન્તવ્ય તરફ નહિ, આડાઅવળા માર્ગે ફંટાયા હશે તો એની આભાસી ગતિ અટકાવી દેજો.

સૌથી વિશેષ તો મારા મનના મેલને ધોઈ, હરિનામમાં એને જોડવા એને સ્નાન કરાવજો અર્થાત્ બીજાં વળગેલાં નામો નિઃશેષ કરજો. આમ પંચેન્દ્રિયોનું સંપૂર્ણ સ્નાન એવું પ્રેમપૂર્વક કરાવજો કે 'સર્વેશ્વરી' એ આપના જળમાં પ્રવેશ કર્યો ત્યારનું રૂપ અને એમાંથી પ્રક્ષલિત થઈને બહાર નીકળે ત્યારનું રૂપ

બિલકુલ પલટાયેલું, પરિવર્તન પામેલું હોય. આપના ચૈતન્યસંસ્પર્શથી મારી વ્યક્તિચેતના સંપૂર્ણ રૂપાંતરિત થઈ જાય; તો એ સંપૂર્ણ યશ તમારો, તમારી જ સિદ્ધિ-પ્રાપ્તિ, જે તમારો મહિમા છે એના કરતાં પણ વધારી રહે.

કાવ્યાન્તે છેલ્લી પંક્તિમાં 'મા' સરસ સૂચવી દે છે કે, ગંગાજી કે જેનો મહિમા સ્વયંસ્ફૂર્ત છે, એનું મહિમાગાન કરનાર આપણે વળી કોણ ? પણ એમના ચૈતન્યસ્પર્શથી જો આપણી ચેતના રૂપાંતરિત થઈ જાય, અને આપણે રજસ્-તમસ્‌માંથી છટકી સત્ત્વમાં સ્થિર થઈ શકીએ, તો ગંગાજીનો મહિમા, એનાં જલતત્ત્વનાં સામર્થ્ય-શક્તિ વધારવા કદાચ નિમિત્ત બની જઈએ.

આ પદ સ્પષ્ટ કરે છે કે, 'મા' માટે ગંગાજી કેવળ એક પવિત્ર જલધારા નથી. સાગર તરફ નિરંતર ગતિ કરતી સતતવાહી નદી જ નથી. એ ચાહે તો એની સંનિધિમાં જનાર સૌ કોઈનાં અપવિત્ર, અસ્વચ્છ, અશુદ્ધ, દૂષિત-પ્રદૂષિત બધાં દુરિતતત્ત્વોને એકસામટાં ધોઈ નાખી, આપણા ચૈતન્યનું સંપૂર્ણ રૂપાંતર કરી દેનારી મહાશક્તિ છે. આપણે જો અનન્ય શ્રદ્ધાભાવ-પ્રેમથી ગંગાજી સાથે સાયુજ્ય અનુભવી શકીએ તો એ પવિત્ર જલપ્રવાહમાં કરેલું સ્નાન સાચા અર્થમાં આપણા તન-મનને સર્વ પ્રકારે શુદ્ધ કરનારું, અંતરાત્માને જગાડી, પરમાત્મા સાથે અનુસંધિત કરનારું 'એક અનુપમ આધ્યાત્મિક અભિયાન' બની રહે.

**—સંપાદન**



## ॥ ગંગા નદીનું ભૌગોલિક તેમજ આધ્યાત્મિક મહત્ત્વ ॥

ગંગાનદી ભારતની મહાનતમ નદીઓમાંની એક છે. ગંગાનું મૂળ ઉત્તરાંચલ રાજ્યમાં, હિમાલયની ગંગોત્રી હિમનદીમાં છે. ગંગા હિમાલયની ખીણોમાંથી પસાર થતી હરિદ્વાર પાસે બહાર નીકળે છે.

શરૂઆતની નદીને ભાગીરથી કહેવાય છે. દેવપ્રયાગ નજીક તે અલકનંદાને મળે છે. આ બેય નદીના સંગમ પછી તે 'ગંગાનદી'ના નામે ઓળખાય છે.

ગંગાની લંબાઈ ૨૫૧૦ કિ.મી. (૧૫૫૭ માઈલ) છે. યમુના અને ગંગા મળીને ઉત્તર ભારત અને બાંગ્લાદેશનો ફળદ્રુપ સપાટ મેદાનો રચે છે અને દુનિયાની સૌથી વધુ વસ્તીને પોષણ પૂરું પાડે છે.

દુનિયાના ૧૨માંથી એક માણસ (દુનિયાની વસ્તીના ૮.૫ ટકા) ગંગા-યમુનાના પાણીથી સિંચાતા પ્રદેશમાં રહે છે.

ગંગા યમુનાને પ્રયાગ પાસે મળે છે આથી પ્રયાગ તીર્થધામ બન્યું છે. ગંગાના કિનારા પર કાનપુર, અલ્હાબાદ, વારાણસી અને પટના એવા ઔદ્યોગિક શહેરો આવેલા છે. તેથી ઘણી ફૅક્ટરીઓનાં પ્રદૂષક તત્ત્વો એમાં ભળી, નદીને પ્રદૂષિત કરી રહ્યાં છે.

રામાયણમાં મહર્ષિ વિશ્વામિત્ર રામ અને લક્ષ્મણને ગંગાની ઉત્પત્તિની વાત કરે છે. તેઓશ્રી કહે છે : સગર રાજાને ૬૦,૦૦૦ પુત્રો હતા. જ્યારે સગર રાજાએ અશ્વમેઘ યજ્ઞ કર્યો ત્યારે યજ્ઞમાં બાધા નાખવા ઈન્દ્ર તે અશ્વને કપિલ ઋષિના આશ્રમમાં મૂકી આવ્યો. સગરના પુત્રો અશ્વને શોધતા કપિલમુનિના આશ્રમમાં આવ્યા અને કપિલમુનિનું અપમાન કર્યું

તેથી કપિલમુનિએ તેમને બાળી નાખ્યા. સગરને આ વાતની ખબર પડતાં, પોતાના પુત્રોની સદ્ગતિ માટે પ્રાર્થના કરી.

ત્યારે સગરને જાણવા મળ્યું કે 'સ્વર્ગની નદી ગંગા' જો તે પૃથ્વી પર લાવવામાં આવે અને તેમાં એના પુત્રોનાં અસ્થિ પધરાવવામાં આવે તો સદ્ગતિ મળે.

સગર પછી અંશુમાન, દિલીપ વગેરેએ ગંગાને લાવવાના વ્યર્થ પ્રયત્નો કર્યા. છેવટે ભગીરથ રાજાના તપથી ગંગા પૃથ્વી પર આવવા રાજી થઈ.

પરંતુ ગંગાપ્રવાહને જો પૃથ્વી પર રોકવામાં ન આપે તો તે પાતાળમાં જતી રહે આથી ભગીરથે ભગવાન શંકરને ગંગાના પ્રવાહને ઝીલી લેવા વિનંતી કરી, તેથી શંકરે તેને પોતાની જટામાં સમાવી લીધી, એની નાની ધારને વહાવીને પૃથ્વી પર પડવા દીધી.

પછી તો ભગીરથ જ્યાં પણ ગયા ત્યાં ગંગા પાછળ આવતી ગઈ. રસ્તામાં ગંગાએ જહ્નુ ઋષિના આશ્રમનો વિનાશ કર્યો તેથી જહ્નુ ઋષિ તેને પી ગયા. ભગીરથની વિનંતિથી તેને પોતાના કાનમાંથી બહાર કાઢી. આમ તે જહ્નુની પુત્રી ગણાઈ અને તેનું નામ જાહ્નવી પડ્યું.

ભગીરથ ગંગાને બંગાળ સુધી લઈ ગયા, જ્યાં સગરના પુત્રોનાં અસ્થિ હતાં. આમ તેમને સદ્ગતિ છેવટે પ્રાપ્ત થઈ.

ગંગાનદી હિંદુધર્મમાં સૌથી પવિત્ર નદી મનાય છે. પણ એનું મહત્ત્વ માત્ર સાંસ્કૃતિક ને આધ્યાત્મિક જ નથી દેશની ૪૦ ટકા આબાદી ગંગા પર જ નિર્ભર છે. તેથી ગંગાનદીનું પ્રદૂષણ દૂર કરવા તેમજ નદીને પુનર્જીવિત કરવા 'નમામિ ગંગે' નામક એક 'ગંગાસંરક્ષણ મિશન' સ્થાપવામાં આવ્યું છે.

**–સંકલન**



# ॥ 'રામચરિતમાનસ'માં નવધા ભક્તિ ॥

**[પોથી પઢકે જગ મુઆ, પંડિત ભયા ના કોય**
**ઢાઈ અચ્છર પ્રેમ કો, પઢે સો પંડિત હોય**

કબીરજી સંત હતા. ભક્ત-કવિ હતા. સમાજ-સુધારક હતા. અરબી ભાષામાં 'કબીર'નો અર્થ થાય છે 'મહાન'. આપણી પ્રાચીન ભક્તિ-કાવ્ય પરંપરાના મહાનતમ ભક્ત-કવિઓમાં તેમની ગણના થાય છે. ભારતમાં ધર્મ, ભક્તિ કે સંસ્કૃતિની વાત કરીએ, માનવજીવન કે માનવ-ધર્મ વિષે ચર્ચા કે વિશ્લેષણ કરીએ ત્યારે કબીરજીના ઉલ્લેખ વિના એ ચર્ચા કે વિશ્લેષણ અધૂરાં જ રહેવાના.

સમાજજીવનના દરેક પાસાંઓને એમણે નિકટથી નિહાળ્યાં છે. માનવજીવનની પ્રત્યેક ગૂંચનો ઉકેલ કબીરજીના દોહાઓમાંથી મળી રહે.

એમનું જીવન અનોખું. એમની સાધના અનોખી. એમની વાણી અનોખી.

વ્યવસાયે વણકર, આખાબોલા ને સાચાબોલા. એમના જીવનની ચદરિયા શ્વેત-ઉજ્જવળ. એક એક ધાગો પ્રમાણસર ને યથાયોગ્ય રીતે વણેલો. ક્યાંય ગૂંચ કે ગાંઠ નહિ, ક્યાંય ડાઘ નહિ. ચદરિયા જીની રે જીની-કબીર વિચારધારાના સમર્થક અને અભ્યાસી, કબીરપ્રેમી પ્રા. 'ગોવિંદભાઈ ભક્ત'એ તૈયાર કરેલો આ લેખ કબીરજયંતી પ્રસંગે ગુજરાત ટાઈમ્સના વાચકો માટે રજૂ થયો હતો.]

જૂન ૨૦, '૧૬ કબીર જયંતીનો ઉત્સવ આવી રહ્યો છે તે પ્રસંગે રામચરિત માનસમાં સંત કવિ તુલસીદાસજીએ વર્ણવેલી

નવધા ભક્તિ અને કબીરસાહેબના જીવનકવનમાંથી મળતા દોહા, સાખી, ભજન, પદો સંદર્ભે નવધા ભક્તિનું વિશ્લેષણ કરી ભક્તિનો મહિમા સમજીએ.

દંડકારણ્ય વનમાં સીતાની શોધમાં નીકળેલા રામ-લક્ષ્મણના હાથે કબંધ રાક્ષસનો વધ થાય છે. કબંધના કહેવા મુજબ રામ-લક્ષ્મણ ઋષ્યમૂક પર્વત પર સુગ્રીવની શોધ કરતાં કરતાં માતંગ ઋષિના આશ્રમે આવે છે. આ આશ્રમમાં શબરી રહેતી હતી. તે તેના ગુરુ મતંગ ઋષિની સેવા કરતી. જ્યારે ગુરુ આત્મસ્થ થયા ત્યારે શબરીને કહેતા ગયા કે એકાગ્ર ચિત્તે રામની સાધના કરતી રહેજે. શબરી રામને કહે છે કે ત્યારથી હું આશ્રમે કેવળ આપનું ધ્યાન કરતી રહીને આપના આગમનની રાહ જોતી રહી છું. હું અભણ નીચ જાતિની સ્ત્રી કેવી રીતે આપની સ્તુતિ કરું તે પણ જાણતી નથી. આપ પોતે જ મારા પર પ્રસન્ન થાઓ. આપ મને કહો કે આ આપની ભક્તિ કેવી રીતે કરવી ? શબરીનું ભોળપણ, નિખાલસતા, શ્રદ્ધા, નમ્રતા, પ્રેમ અને એના ગુરુ પ્રત્યેની ભક્તિ, ગુરુએ આપેલી જ્ઞાનદીક્ષા અને ભક્તિદીક્ષા, અને નિરંતર ગુરુસ્મરણ રામજીને સ્પર્શી જાય છે અને શ્રીરામ શબરીને નવધા ભક્તિનો મહિમા સમજાવી દિવ્યલોક પ્રદાન કરે છે. સંત તુલસીદાસે રામચરિત માનસમાં નવધા ભક્તિનો મહિમા આ પ્રમાણે વર્ણવ્યો છે.

**પ્રથમ ભક્તિ-સત્સંગ**

**પ્રથમ ભગતિ સંતન કર સંગા, (માનસ : ૩/૩૫/૪)**

પ્રથમ પાઠ સત્સંગથી શરૂઆત કરવાનું કહ્યું છે એટલે સત્સંગમાં જવું. તમામ સંતો અને ગ્રંથોએ એકમત થઈને જિજ્ઞાસુઓને સત્સંગનો ઉપદેશ આપ્યો છે. સત્સંગમાં જવાથી જ જિજ્ઞાસુઓ ગુરુકૃપાના માધ્યમથી મુક્તિ સુધી પહોંચી શકે છે.



સત્સંગથી માયાનો મોહ દૂર થાય છે.

**બીજી ભક્તિ-દૂસરી રતિ મમ કથાપ્રસંગા**

પરમાત્માનો મહિમા ગાવો અને તેમની કથાઓને પ્રેમથી સાંભળવી.

બીજો પાઠ સત્સંગમાં ગયા પછી પરમાત્માનાં થઈ રહેલાં ગુણગાનમાં મન પરોવવું-રસ લેવો. પ્રભુનાં ગુણગાન કરનાર ભક્તોની સાથે ભક્તોની પ્રીતિ આપોઆપ વધી જાય છે. અશોકવાટિકામાં, રામવિયોગમાં તરફડતાં સીતાજીને પોતાનો પરિચય આપવા માટે હનુમાનજીએ ભગવાન શ્રીરામના ગુણોનું વર્ણન કરવાનું શરૂ કર્યું. પોતાના પ્રભુ શ્રીરામના ભક્ત જાણીને હનુમાનજીને માટે સીતાજીનો એટલો પ્રેમ વધ્યો કે તેમની આંખમાં આંસુ આવી ગયાં.

હરિજન જાની પ્રીતિ અતિ ગાઢી, સજલ નયન પુલકાવલી બાઢી (માનસ : ૫/૧૪/૧).

**ત્રીજી ભક્તિ : અભિમાનરહિત સદ્ગુરુ સેવા**

ગુરુપદ પંકજ સેવા, તિસરી ભક્તિ અમાન (માનસ : ૩/૩૫)

ભક્તિ માટે ગુરુચરણોની સેવા જરૂરી છે. આ સેવા શ્રદ્ધાપૂર્વક કરવી જોઈએ અને શ્રદ્ધાનું મનમાં અભિમાન ન આવવું જોઈએ. ભક્તિ બુદ્ધિનો નહિ પરંતુ હૃદયનો વિષય છે. તેમાં ચતુરાઈ નહિ, પરંતુ ભાવનાની શક્તિ કાર્ય કરે છે. ગુરુસેવાનો અર્થ ગુરુના શરીરની સેવા સુધી જ સીમિત નથી, કારણ ગુરુ શરીર નહિ, પણ જ્ઞાન છે.

**ચોથી ભક્તિ-નિષ્કપટભાવથી પ્રભુ પરમાત્માના ગુણાનુવાદ કરવા**

ચોથી ભગતિ મમ ગુન ગન, કરહિં કપટ તજી ગાન (માનસ)

ગુરુસેવા કરવાથી જ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને ત્યાર પછી

બ્રહ્મની સહજ અનુભૂતિ થાય છે. ત્યાર પછી જ પ્રભુનાં ગુણગાન ગાઈ શકાય છે. ભક્તિની દુનિયા એ પ્રેમની દુનિયામાં ત્રીજાને કોઈ સ્થાન હોતું નથી તેવી રીતે જ રીતે ભક્ત અને ભગવાનની વચ્ચે ત્રીજી માયા વિઘ્ન ઉત્પન્ન કરે છે એટલે સાચા ભક્તોનું ભગવાન સિવાય બીજે ક્યાંય ધ્યાન જતું નથી.

**પાંચમી ભક્તિ-મંત્ર જાપ-સુમિરણ**

મંત્ર જાપ મમ દઢ વિશ્વાસ પંચમ ભજન સો વેદ પ્રકાશા (રામચરિત માનસ : ૩/૩૬/૧)

દઢ વિશ્વાસની સાથે ભગવાનના મંત્રનો જપ સુમિરણ કરવો એ જ વેદમાં વર્ણિત પાંચમી ભક્તિ છે. તમામ ગ્રંથો...જ્ઞાનીઓ અને વિદ્વાનોના મત મુજબ સદ્‌ગુરુ, દ્વારા જે બીજમંત્ર આપવામાં આવે છે તેનો જપ કરવો શ્રેયકર છે.

**છઠ્ઠી ભક્તિ : વૈરાગ ઈન્દ્રિયોનો નિગ્રહ-વિષયોના પ્રત્યે અનાસક્તિ.**

છઠ દમ શીલ બિરત બહુ કરમા. નિરત નિરંતર ધરમા (માનસ).

છઠ્ઠું સોપાન સમજાવતા શ્રી રામ શબરીને કહે છે કે : (૧) દમ-ઈન્દ્રિયોને તેના વિષયોમાંથી હટાવવી, (૨) શીલ-પરોપકાર, સદાચાર અને શિષ્ટતા (૩) બિરત બહુ કરમા-અને બિનજરૂરી કર્મોનો ત્યાગ. ભક્તો જીવનનાં તમામ કાર્યો પોતાના પ્રભુની પ્રસન્નતા માટે કરતા હોય છે એ જ તેમનું જીવનનું ચરમ લક્ષ હોય છે. તેથી પ્રભુપ્રેમમાં બાધક તમામ કાર્યોનો ત્યાગ કરી દે છે. (૪) નિરત નિરંતર સજ્જન ધરમા-સંતધર્મનું હૃદયથી હંમેશાં પાલન. સંત જીવનની મર્યાદાનું પાલન.

**સાતમી ભક્તિ : વ્યાપકકો - પ્રભુમય વિશ્વ**

સાતવાં સમ મોહિમય જગ દેખા, મોતે સંત અધિક કરિ લેખા

ભક્તોનો પોતાના સદ્‌ગુરુ પ્રત્યે પ્રેમ દઢ થતાં દરેક



જગ્યાએ...દરેક વસ્તુમાં તેમને પોતાના પ્રભુનાં દર્શન થાય છે. ભક્તિનું મુખ્ય કેન્દ્ર સંત છે. ભગવાન રામે શબરીને આ જ વાત સાતમી ભક્તિના રૂપમાં સમજાવી છે કે મારા સંતોની મારાથી અધિક સેવા કે સત્કાર કરનાર વ્યક્તિ જ મારી ભક્તિ પ્રાપ્ત કરી શકે છે.

**આઠમી ભક્તિ : સંતોષ ધન - બીજાના દોષ ન જોવા**

આઠવા જથા લાભ સંતોષા, સપને હું નહિ દેખઈ પરદોષા (માનસ : ૩/૩૬/૪)

ગુરુકૃપાથી જ્યારે સંત જ્યારે ભક્તિની ઉચ્ચ ભૂમિકા પર પહોંચવાની તૈયારીમાં હોય છે તે સમયે તેમને બે કામનાઓ નીચેની તરફ ખેંચતી હોય છે. ધન અને સન્માન પ્રાપ્ત કરવાની ઈચ્છા. તેથી ભગવાને કહ્યું છે કે પોતાના કર્મ અનુસાર જેટલું ધન મળે છે તેમાં સંતોષ રાખવો તથા સ્વપ્નામાં પણ કોઈના દોષ ન જોવા.

**નવમી ભક્તિ : સમભાવ - સ્થિતપ્રજ્ઞતા**

નવલ સરલ સબ સન છલહીના, મમ ભરોસ હિય હરષ ન દીના (માનસ : ૩/૩૬/૩)

સરલ હૃદય હોવું અને નિષ્કપટ હોવું. નવમી ભક્તિમાં ભગવાને ત્રણ ગુણોની ચર્ચા કરી છે. (૧) હૃદયની સરળતા (૨) ફક્ત પોતાના પ્રભુ પર વિશ્વાસ રાખવો (૩) માયાના સુખદુઃખના સુખીદુઃખી ન થવું.

**–પ્રો. ગોવિંદભાઈ ભક્ત**

## ॥ કબીરસાહેબનના વચનામૃતને આધારે નવધા ભક્તિ ॥

સદ્‌ગુરુ શ્રી કબીરસાહેબના આવિર્ભાવ વખતે સમાજ, સંસ્કૃતિ વગેરે છિન્નભિન્ન સ્થિતિમાં હતાં. અનેક પ્રકારના અંધવિશ્વાસ, મંત્રતંત્રમાં ઊલઝતી પ્રજા, જાતિ પાતિ, છૂત અછૂત અને વર્ણોના બંધનમાં સમાજ જકડાઈ ગયો હતો. ધર્મના નામે અનેક પાખંડો ધતિંગો ચાલતાં હતાં. કર્મકાંડને જ ધર્મ માની બેઠા હતા. આવી અંધાધૂંધીની પરિસ્થિતિમાં કબીરસાહેબે સમાજ સુધારવાનું બીડું ઝડપ્યું અને આજીવન સદ્‌કાર્ય કરતા રહ્યા. કબીરસાહેબે આપેલાં વચનામૃતોમાંથી, શ્રીરામ પરમાત્માએ શબરીને ઉપદેશેલી નવધા ભક્તિને સમજવાનો પ્રયત્ન કરીએ. કબીરસાહેબના મતે ગુરુ આધ્યાત્મિક પ્રગતિ માટે અનિવાર્ય છે. મુસ્લિમ વણકર હોવાને કારણે કબીરસાહેબને હિન્દુ આચાર્ય રામાનંદે શિષ્ય તરીકે સ્વીકારવાની ના પાડી હતી. કબીરસાહેબે રામાનંદ સ્વામીને ગુરુ બનાવવા હતા તેથી કબીરસાહેબ બાળક બનીને ગંગાના ઘાટ પર સૂઈ ગયા. રામાનંદ પ્રાતઃકાળ સ્નાન કરવા આવતા. સ્નાન કરીને જ્યારે સ્વામી પાછા ફરતા હતા ત્યારે બાળકને ઠોકર વાગતાં રડી રહ્યું ત્યારે સ્વામીએ કહ્યું કે 'બેટા, રામ રામ કહો' અને કબીરજીને રામનામનો મંત્ર મળી ગયો. આ છે કબીરસાહેબ માટે ગુરુનું મહત્ત્વ. કબીરસાહેબ કહે છે કે :

**ગુરુ બિન જ્ઞાન ન ઉપજે ગુરુ બિન મિલે ન ભેદ !**
**ગુરુ બિન સંશય ના મિટે, જય જય ગુરુદેવ**

(કબીરસાહેબની અમૃતવાણી) ગુરુ વિના જ્ઞાન મળતું નથી. ગુરુ વિના આત્મજ્ઞાનનો ભેદ પણ સમજાતો નથી. ગુરુ વિના સંશય પણ દૂર થતો નથી એટલા માટે ગુરુનો મહિમા અનંત છે.



ગુરુના મહિમાનો જયજયકાર કરો.

કબીરસાહેબ કહે છે કે ગુરુ કેવા હોવા જોઈએ.

**બહુત ગુરુ ભૈ જગતમેં, કોઈ ન લાગે તીર !**
**સબૈ ગુરુ બહિ જાએંગે, જાગત ગુરુ કબીર**
**(કબીરસાખી/૨૧)**

કબીરસાહેબ કહે છે કે : વેશધારી માત્ર કહેવાતા ગુરુ ઢગલાબંધ છે, પરંતુ તે બધા ભવસાગર પાર કરાવવાવાળા ગુરુઓ નથી. તે બધા ભ્રમિત ગુરુઓ ભવસાગરમાં વહી જવાના છે. જે સત્યસ્વરૂપ જ્ઞાનમાં સ્થિર છે તેવા સદ્‌ગુરુ ભવસાગર પાર કરી જશે. અને શિષ્યોને પાર ઉતારવામાં સમર્થ રહેશે.

### ॥ કબીરસાહેબના ભક્તિના જ્ઞાનમાંથી તારવેલા નવ મણકા ॥

### મણકો (૧) સત્સંગ

**કબીર કલહરુ કલ્પના, સતસંગતિ સે જાય,**
**દુઃખ વાસો ભાગા ફિરૈ, સુખમેં રહે સમાય**
**(કબીર વચનામૃત, ૨૧૨, ૨)**

કબીરજી કહે છે કે, સત્સંગથી કલહ જાય એટલે કે મનના વિવિધ ક્લેશો દૂર થાય છે. કલ્પના એટલે સાંસારિક વિષયો તરફ દોડતા વિચાર તરંગો દૂર થઈ જાય છે. અને મન પ્રભુ પ્રત્યે વળે છે. પ્રભુ સિવાયના વિષયોનાં સુખો વિષેની મનની અનાવશ્યક કલ્પનાઓ દૂર થાય છે અને મન પ્રભુ પ્રત્યે દૃઢ થાય છે. સત્સંગથી મનને જે પરિતૃપ્તિ મળે છે તેનાથી દુઃખો દૂર ભાગે છે. સત્સંગીના મનને સ્થિર સુખ મળે છે.

**કબીર હરિ રસ બટત હે, સરવન દોના ઓડિ,**
**રામ ચરન કાંઠા ગહો, મતિ કબહૂ દ્યોં છોડિ**

જ્યાં સદ્‌ગુરુનો સત્સંગ થતો હોય ત્યાં પરમાત્મા જ્ઞાનચર્ચારૂપે હરિરસ વહેંચતા હોય છે. સાહેબ કહે છે કે હરિરસ વહેંચતા હોય ત્યારે શ્રદ્ધાપૂર્વક કાનથી સાંભળી હરિરસ ગ્રહણ કરી લો. પરમાત્મા રામનાં ચરણોમાં એવો દૃઢ વિશ્વાસ રાખો કે હરિરસમાં સદૈવ ધ્યાન લાગેલું રહે.

**મણકો (૨) પરમાત્માનો મહિમા ગાવો અને કથાનું પ્રેમથી શ્રવણ**

**ના કછુ કિયા ન કરિ સકા, ન કરને જોગ શરીર,**
**જો કછુ કિય સાહિબ કિયે, તાતે ભયે કબીર**
**(કબીર સાહેબની અમૃતવાણી)**

કબીર કહે છે કે ન તો મેં કોઈ શુભ કર્મ કર્યું ન તો હું કંઈ કરી શકું, કોઈ યોગ્ય કર્મ કરવા માટે મારું શરીર પણ યોગ્ય નથી. જે કંઈ સત્કર્મ થયુ હોય તે મારા સ્વામીસાહેબ થકી જ થયું છે. તેનાથી જ હું આ સત્કર્મ કરવા સફળ થયો છું. આપણે માત્ર પ્રભુના પ્રતિનિધિ છીએ, કર્તા નથી એવો ભાવ રાખો.

**મણકો (૩) અભિમાન રહિત સદ્‌ગુરુ સેવા**

**સંત મિલન કો જાઈએ, તજી માયા અભિમાન.**
**જ્યોં જ્યોં પગ આગે ધરે, કોટી યજ્ઞ સમાન**
**(સંત કબીર જીવન અને કવન/૪૩)**

જે વ્યક્તિ માયા, અહંકાર આદિનો ત્યાગ કરી સંતનાં દર્શને જાય છે તેના પ્રત્યેક પગલે કરોડ યજ્ઞનું પુણ્ય પ્રાપ્ત કરે છે. સત્સંગ શબ્દ સત્ અને સંગ બે શબ્દોનો બનેલો છે. એટલે કે સત્‌પુરુષ અથવા સાધુપુરુષનો સંગ. સાધુપુરુષ એ ભગવાનનું સ્વરૂપ છે. સંતની ઉપાસના ભગવાનની ઉપાસના બરાબર છે.

**છોડા જબ અભિમાન કો સુખી ભયા તબ જીવ,**
**ભાવૈ કોઈ કછુ કહૈ, મેરે હિય નિજ પીવ**



જ્યારે મનુષ્ય અભિમાનને છોડે છે ત્યારે જ સુખી થાય છે. દેહાદિનો અહંકાર, ગુણ, વિદ્યાદિનું અભિમાન મનને મોહિત કરે છે. તેથી તેના નિવારણ વિના પરમાર્થનું અપરોક્ષ જ્ઞાન થતું નથી. પ્રભુ તેના હૃદયમાં વસે છે તેથી તેને કોઈ કંઈ કહી શકતું નથી, તેથી તેને પોતાની ચિંતા રહેતી નથી. અભિમાન છોડતાં તેને પરમ સુખ-આનંદની પ્રાપ્તિ થાય છે.

**પૂરા સતગુરુ સેવતાં સરણે પાયો નામ,**
**મનસા વાચાય કર્મના સેવક સારા કામ**

જ્ઞાની સત્‌ગુરુના શરણમાં જવાથી અને પૂરા મન, વચન, કર્મથી એમની સેવા કરતા સેવક અથવા ભક્તને રામનામની પ્રાપ્તિ થશે અને બધાં વિઘ્નો નષ્ટ થશે.

**મણકો (૪) નિષ્કપટભાવથી પ્રભુ પરમાત્માનાં ગુણગાન**

**જ્ઞાની નમિ ગુરુ મુખ નમૈ,નમૈ સતચર સુજાન,**
**દગાબાજ, ચિત્તા ચોર કમાન.**
**(કબીર વચનામૃત, ૧૧૭, ૬)**

નમન નમનમાં ફેર હોય છે. જેઓ જ્ઞાની છે તે પોતાના જ્ઞાનથી નમનયોગ્ય વ્યક્તિને નમસ્કાર કરે છે. જેઓ ગુરુમુખભક્ત છે, જેમણે ગુરુને સર્વસ્વ અર્પણ કર્યું છે એવા શિષ્યો ગુરુને શ્રદ્ધાથી નમે છે અને વ્યવહારદક્ષ પુરુષ સભ્યતાને ધ્યાનમાં રાખીને સમાજવ્યવહારની રીતે નમસ્કાર કરે છે. આમ જ્ઞાની, ગુરુમુખ ભક્ત અને વ્યવહારદક્ષ માનવીઓના નમસ્કાર સુયોગ્ય રીતે થાય છે, પરંતુ આ બધાથી પણ બેગણું વધારે જે નમે છે, તેનો ઈરાદો સારો નથી એમ માનવાને કારણ છે, જેમ કે દગાબાજ દગો કરવાના મલિન ઈરાદાથી સામેના માણસને બે વાર વધારે નમે છે.

ચિત્તો શિકાર કરવાના ઈરાદાથી સંતાઈને નમીને શિકાર પર તરાપ મારે છે. ચોર વ્યક્તિ સામેનાને ચોરી કરવાના અને કરેલી ચોરીને છુપાવવાના ભાવથી બે વાર વધુ નમે છે. આમ કપટી પોતાના મેલા ઈરાદાવાળી ધનુષ્યની કમાન સામેના લક્ષ્યને વીંધવા બે વાર વધારે નમાવે છે. એટલે કપટીથી સાવધ રહેવા કબીરસાહેબ ભોળા ભક્તોને ચેતવે છે. પછી તે કપટી, સાધુના વેશમાં કેમ ન હોય.

**કહા બનાવે બાહિર ભિતરિયા સોં કામ,**
**છાના છિપકૈ તૂં કરૈં, સારા જાનૈ રામ**
**(કબીર વચનામૃત)**

કબીરસાહેબ કહે છે કે કપટી માણસો બહાર દંભ કરીને અંદરથી કપટ રાખીને, છાનાછપના, દુનિયાને બનાવીને પોતાનાં સ્વાર્થ સાધનારાં કુકર્મો કરે છે. રામજી તો અંતર્યામી છે. તારા અંતરની બધી વાતો જાણે છે. માટે ચેત અને કપટ, કુકર્મોથી પાછો વળ અને પરમાત્મા રામની કૃપા માટે સાચા સંતનો આશરો લે. પરમાત્માનાં ગુણગાન કર.

**મણકો (૫) સુમિરન, મંત્રજાપ**

**સુમિરણ સે સુખ હોત હૈ, સુમિરણ સે દુઃખ જાય,**
**કહૈં કબીર સુમિરણ કિયે, સોંઈ માંહિ સમાય**
**(કબીર વચનામૃત)**

ભગવાનનાં સ્મરણથી સુખ મળે છે ને દુઃખ જાય છે. ભગવંત નામસ્મરણથી જીવનના અંત સમયે જીવ ભગવાનમાં જ સમાઈ જાય છે.

**માલા સાંસઉ સાંસકી, ફેરે કોઈ નિજ દાસ,**
**ચૌરાસી ભરમેં નહિ, કરૈ કરમ કી ફાંસ**
**(કબીરસાહેબની અમૃતવાણી)**



જેટલા શ્વાસ નીકળે એટલા ભગવાનનું નામ લઈ નીકળે તો કર્મબંધનથી મુક્ત થઈ જન્મમરણના ચક્રથી છૂટી શકે છે. તુલસીમાળાના જપથી અલગ પ્રતિ શ્વાસમાં નામ ઉચ્ચારણરૂપ અખંડ માળા ફેરવી હરિસ્મરણમાં લીન થવાની વાત છે.

**સાધૂ સમંદર જાણીયે, માહી રતન ભરાય,**
**મંદભાગ મૂઠી ભરૈ, કર કંકર ચઢિ જાય**
**(કબીરસાહેબની અમૃતવાણી)**

સાધુને સમંદર સમજવો જોઈએ. કારણ એમાં જ્ઞાન, વૈરાગ્ય વગેરે રત્ન ભરેલાં હોય છે, જે ભાગ્યશાળી ભક્તજન એમાં ડૂબકી મારે છે-સત્સંગાદિ કરે છે તે ડૂબકી મારી વૈરાગ્ય આદિ રત્નોને લઈને બહાર નીકળે છે અને જે પાખંડી ભગત છે તે તો ડૂબકી મારી મૂઠીમાં કાંકરા લઈને બહાર નીકળે છે. સત્સંગ સંત સાથે જ કરો.

**જો કે મન વિશ્વાસ હૈ, સદા ગુરુ હૈ સંગ,**
**કોટિકાલ ઝક સોલહી, તઉ નહિ માન ભંગ**

જેના મનમાં સદ્ગુરુના ઉપદેશ માટે સુદૃઢ આત્મવિશ્વાસ છે તેની સાથે સદૈવ ગુરુ હાજર હોય છે. ગમે તેટલાં વર્ષો સુધી અનેક વિઘ્નો આવે, મુશ્કેલીઓ આવે તો પણ એવા ગુરુભક્તના મનને વિચલિત કરી શકશે નહિ. હંમેશાં તેવા ગુરુભક્ત ગુરુજ્ઞાનમાં સ્થિર હોય છે.

**મણકો (૬) વૈરાગ્ય - ઈન્દ્રિયોનો નિગ્રહ**

**જા માનુષ ગૃહિ ધર્મયુત રાખૈ સીલ વિચાર,**
**ગુરુ મુખ બાની સાધુ સંગ મન બચ સેવા સાર**
**(કબીર વચનામૃત ૨૪૨, ૯)**

કબીરસાહેબ સદ્‌ગૃહસ્થની વ્યાખ્યા આપતાં કહે છે કે : વિચારશીલ ગૃહસ્થ સદ્‌વિચારથી યુક્ત હોવો જોઈએ. ગુરુમુખવાણી - ગુરુએ દર્શાવેલો માર્ગ પ્રભુપ્રાપ્તિ માટે ભક્તિ કરતો હોવો જોઈએ. ગુરુજનો વડીલજન સાથે વિનમ્રતાથી વર્તતો હોવો જોઈએ. સાધુસંગ-દુર્જનોથી દૂર રહી સજ્જનો સાથે સત્સંગ કરતો હોવો જોઈએ. મન વચન કર્મથી સમાજ, સાધુઓ બધાની સેવા કરતો હોવો જોઈએ. સાધુતા માટે વૈરાગ્ય હોવો જોઈએ. વૈરાગ્ય એટલે : વિરક્તતા - સુખદુઃખ બધાં દ્વન્દ્વોથી વિરક્ત. સંતોષ-કુદરતના ખોળે જે મળે તેમાં સંતોષ. નિર્લોભ - કોઈ વસ્તુનો લોભ નહિ. નિર્લોભી. નિશ્ચિંત - મનમાં કોઈ ચિંતા નહિ, કારણ કે પ્રભુ પર અટલ વિશ્વાસ હોય છે. આમ આ પ્રભુભક્ત વૈરાગી, વિરક્ત, સંતોષી, નિર્દ્વન્દ્વી અને નિશ્ચિંત હોય છે.

**જ્ઞાની જ્ઞાતા બહુ મિલે, પંડિત કબિ અનેક,**
**રામ રતા ઈન્દ્રિ જીતા, કોટિ મધયે એક**
**(કબીર વચનામૃત, ૨૫૦, ૪)**

જ્ઞાની જ્ઞાતા, પંડિત, કવિ વગેરે અનેક મળે છે, પરંતુ ઈન્દ્રિયને જીતીને પરમાત્માના ધ્યાનમાં જ હંમેશાં નિમગ્ન રહેનારા કરોડોમાં કોઈ એક મળે છે. આ કામ ગુરુચરણમાં ભક્તિથી જ થશે.

**મણકો (૭) વ્યાપકકો, પ્રભુમય**

**મોમેં તોમેં સરબમેં : જહં દેખૂં તહં રામ,**
**રામ બિના છિન એક હું સરૈ ન એકૌ કામ**
**(કબીરસાહેબની અમૃતવાણી ૨૪૮)**

મારામાં તારામાં અને સર્વમાં જ્યાં જ્યાં જુઓ ત્યાં રામ છે,



રામ વિના તલ માત્ર જગ્યા ખાલી નથી. રામ વિના એક ક્ષણ પણ કોઈ કાર્ય સિદ્ધ થઈ શકતું નથી. પ્રકૃતિ તત્કાર્ય પંચમહાભૂત આદિ જડવર્ગ ચેતન ઈશ્વરથી અનધિષ્ઠ થઈને કોઈ કાર્ય કરી શકતા નથી, એક ઈશ્વર જ જગત પ્રતિ અભિન્ન - નિમિતોપાદાન કારણ છે. કબીરસ્વામી કહે છે કે જેનામાંથી હું અને તું એ પ્રકારની અજ્ઞાનતા નીકળી ગઈ છે તે જીવ બ્રહ્મરૂપ છે.

**હોયે રહૈ જબ દાસ યહ તબ સુખ પાવૈ અંત ।**
**દખરીતિ પ્રહ્‌લાદકી નીરખી સબ મે કાન્ત**
**(સંત કબીર જીવન અને કવન)**

જ્યારે મુમુક્ષુ સત્સંગી, નમ્રતાપૂર્વક દાસ, સેવક ભક્ત થઈ અભિમાનરહિત, સત્સંગપરાયણ રહે છે ત્યારે અંતમાં સુખસ્વરૂપને પ્રાપ્ત કરે છે. તેથી પ્રહ્‌લાદની ભક્તિને અનુરૂપ સર્વમાં સ્વામી પ્રભુને દાસભાવથી જુઓ.

**એક સમાના સકલ મેં સકલ સમાના તાહિ ।**
**કબીર સમાના બૂઝ મેં તહાઁ દૂસરો નાહિ ॥**
**(સંત કબીર જીવન અને કવન)**

એક જ સચ્ચિદાનંદ બ્રહ્માત્મા આ સર્વે સંસાર તથા શરીરમાં સમરસ, અધિષ્ઠાન સમાયેલો છે. અને સર્વ સંસાર તે એક આત્મામાં સમાયેલો છે. માયાથી સિદ્ધ છે, કબીરસાહેબ કહે છે કે જેઓ બ્રહ્મના અનુભવને પ્રાપ્ત કરે છે તેઓમાં કોઈ અન્ય દ્વંદ્વભાવ રહેતો નથી. તેમને માટે સર્વ બ્રહ્મસ્વરૂપ છે.

**મણકો (૮) - સંતોષ ધન, બીજામાં દોષ ન જોવા**

**દોષ પરાયા દેખિકૈ, ચલૈ હસંત હસંત ।**
**આપન યાદ ન આવે, જાકો આદિ ન અંત ॥**
**(શ્રી કબીરસાહેબની અમૃતવાણી, ૧૭૦)**

લોકો બીજાના દોષને જોઈને હસતાં હસતાં ચાલે છે, પરંતુ પોતાના રાગદ્વેષાદિ યાદ કરતા નથી, જેનો આદિ કે અંત નથી, અસંખ્ય છે. બીજાના અવગુણોને જોઈને નિંદા કરે છે ત્યારે પોતાની અંદર જે અનંત અવગુણ છે, એને જોતા નથી અને પોતાના નિંદ્ય અવગુણોને દૂર કરવાનો પ્રયાસ કરવો જોઈએ. કબીરસાહેબ તેમને તેજાબી ભાષામાં કહે છે કે

**રહના નાહિ દેસ બિરાના હૈ, બિરાના હૈ બિરાના હૈ,**
**યહ સંસાર કાગદકા પુતલા બુંદ પરે ગલી જાના હૈ ।**
**યહ સંસાર કાંટેકી બાડી ઉલઝિ મુરુઝિ મરિ જાના હૈ,**
**યહ સંસાર ઘાસકી પુલી અગિની લગે જરિ જાના હૈ ।**
**કહંહિ કબીર સુનો ભાઈ સાધો ગુરુકે ચરણ ઠિકાના હૈ ॥**
**(શબ્દાવલી)**

આ દેશ આપણો નથી. તેથી અહીં રહેવાનું નથી. આપણો દેશ સત્યલોક છે, સત્યપુરુષે પરમાત્માની ભક્તિ કરીને ત્યાં જવું જોઈએ.

આ સંસાર કાગળના પૂતળા જેવો છે - ક્ષણભંગુર છે. જેમ કાગળનો ટુકડો પાણીનું ટીપુ પડતાં ઓગળી જાય છે તેમ જ સંસાર શરીરરૂપી કાગળનું પૂતળું વ્યાધિરૂપી પાણીનું ટીપું પડવાથી ઓગળી જવાનું છે. આ સંસાર કાંટાની વાડી જેવો છે. તેમાંથી પસાર થવાનું જ છે એટલે શરીરે ઉઝરડા તો પડવાના જ છે અને એક દિવસ મરવું પડે છે.

આ સંસાર સૂકા ઘાસની પૂળી જેવો છે, જે અગ્નિ લાગતાં બળી જાય છે. તેમ આ સંસાર પણ વિષયાગ્નિ, કામાગ્નિ, ક્રોધાગ્નિના લાગવાથી બળી જાય છે. આ અગ્નિથી સંસાર કાયમ બળતો જ રહે છે. કબીરસાહેબ કહે છે કે, હે સાધો, તમે લોકો સાંભળો કે આ જીવનું ગુરુનાં ચરણોમાં જ ઠેકાણું છે.



અર્થાત્ જ્યારે આ મનુષ્ય શરીરધારી જીવ ગુરુનાં ચરણોમાં જશે અને ઉપદેશાદિ ભક્તિ તથા જ્ઞાન પ્રાપ્ત કરશે ત્યારે જ આ સંસારથી મુક્ત થઈ શકશે.

**મણકો (૯) - સમભાવ, સ્થિપ્રજ્ઞતા**

**મન ઠહરા તબ જાનિયે અનસુઝ સબૈ સુઝીય,**
**જ્યોં અંધિયારે ભવનમેં, દીપક બારિ દિખાય ।**
**(સંત કબીર જીવન કવન, ૪૮૪)**

જ્યારે અનસૂઝ અદૃશ્ય આત્મા, બ્રહ્મ, પ્રકૃતિ આદિ સર્વ અનુભૂત થાય તથા પરોક્ષ પદાર્થ પણ દૂર દેશમાં હોવા છતાં પ્રત્યક્ષ થાય ત્યારે મન સ્થિર થયેલું કહેવાય. જેમ અંધકારયુક્ત ઘરમાં દીપકના પ્રકાશથી સર્વ પદાર્થો જોઈ શકાય છે તેમ હૃદયમાં વિવેકજન્ય જ્ઞાન પ્રાપ્ત થાય ત્યારે તે મનની સ્થિરતાનું ચિહ્ન કહી શકાય. એકાગ્ર ચિત્તવાળો દીપતુલ્ય, મનથી આત્મતત્વને, નિત્ય, અસંગ બ્રહ્માત્મા સમજીને સર્વ બંધનોથી મુક્ત બને છે.

**સંતો સહજ સમાધિ ભલી**
**જબસ દયા ભઈ સતગુરુકી સુરતિન અનત ચલી હૈ,**
**જહઁ જહઁ જાઉ સોઈ પરિક્રમા જો કછુ કરિસો પૂજા**
**ગૃહઉધાન દોઈ સમ કરિ લેખૂં, ભાવ મિટાઉ દૂજા,**
**આંખ ન મૂંદું કાનન રુધો કાયા કષ્ટ ન ધારું**
**ખૂલે નૈન સે સાહેબ દેખું હેંસિ હેંસિ વદન નિહારુ,**
**શબ્દ નિરંતર મનુવાઁ રાચૈ મલિન વાસના ત્યાગે**
**જાગત સોવત ઉઠત બૈઠત, ઐસી તારી લાગૈ,**
**કહે કબીર યહ ઉનમુનિ રહની, સો પ્રગટ કરિ ગાઇ**
**સુખ દુઃખ સે ઈક પરે પરમપદ, સો પદ હૈ સુખદાઈ.**
**(શબ્દાવલી, ૩૩૬)**

હે સંતો ! સહજ સમાધિ ભલી. શાસ્ત્રોમાં રાજયોગ, સહજા, તુર્યા વગેરે સમાધિનાં નામ છે. અહીં આત્મા અને મનની એકતાને સાધનરૂપી સમાધિ જણાવી છે. આ સહજ સમાધિ ગુરુની કૃપા વિના સિદ્ધ થતી નથી. ગુરુકૃપાથી મનોવૃત્તિ સ્થિર થઈ સ્વસ્વરૂપની અનુભૂતિ થાય છે ત્યારે તે વ્યક્તિને માટે સર્વત્ર જ્યાં જાય ત્યાં પરિક્રમા લાગે છે અને બધાં કામો પણ ઈશ્વરની પૂજા સમાન જ લાગે છે.

સહજ સમાધિ પ્રાપ્ત થયા પછી ઘર કે વન બધું સમાન થઈ જાય છે. આંખ અને કાનને બંધ કર્યા વગર, શરીરને કષ્ટ આપ્યા વગર પાપાદિ સંગથી રહિત એક આત્મસ્વરૂપને શુદ્ધ રૂપથી સર્વત્ર ખુલ્લી આંખે હસતાં હસતાં આનંદમગ્ન થઈ જોવું એ જ સહજ સમાધિ છે. ત્યાં મૂળ સહિત મલિન વાસના રહેતી નથી અને સાર શબ્દથી ઓમ કાલ ક્ષિત જે નિઃશબ્દ આત્મ સ્વરૂપ છે તેમાં જ નિરંતર પ્રવાહની ધારાની માફક મનની વૃત્તિ સ્થિર રહે છે. એવી લગની લાગે કે બેસતાં, ઊઠતાં, નિરંતર પ્રભુનું વિસ્મરણ થતું નથી. કબીરસાહેબે યોગીઓની આ દશા 'ઉન્મુની' કહી છે. મનથી પર અમન અવસ્થાનું પ્રકટ વર્ણન કરેલું છે. આ પદ વ્યાવહારિક સુખદુઃખથી રહિત એક પરમ સુખ આનંદસ્વરૂપ પરમપદ જે અત્યંત સુખદાયી છે તે પ્રાપ્ત થવાથી દુઃખની હંમેશ માટે નિવૃત્તિ થાય છે, શાશ્વત અવસ્થા પ્રાપ્ત થાય છે. સદ્‌ગુરુની કૃપા થાય તો ભવનો બેડો પાર થાય.

**—પ્રા. ગોવિંદભાઈ ભક્ત**

**(કબીર વિચારધારાના અભ્યાસી.)**



# ॥ મહાપુરુષના મેળાપને માટે શું કરવું ? ॥

**પ્રશ્ન :** મહાપુરુષના મેળાપને માટે શું કરવું ? કોઈ ઉત્તમ કક્ષાના સમર્થ મહાપુરુષને મેળવવાની મને ઘણી ઈચ્છા છે. છતાં હજી સુધી કોઈનું દર્શન નથી થયું તો એવા કોઈ લોકોત્તર મહાપુરુષનું દર્શન મને થશે કે નહિ થાય ? 'ફૂલછાબ'માં મહાપુરુષોના અનુભવોની વાતો વાંચીને મારા અંતરમાં એમના દર્શન માટેની આતુરતા ઉત્પન્ન થઈ છે.

**ઉત્તર :** તમારા અંતરમાં જે મહાપુરુષોને મળવાની આતુરતા ઉત્પન્ન થઈ હશે તો મહાપુરુષ તમને જરૂર મળશે. તે તો કૃપાળુ છે. તમારા પર કૃપા કરીને તે તમને જરૂર દર્શન દેશે. અથવા તો ઈશ્વર પોતે તમારી ભાવનાને ઓળખી લઈને તેને સંતોષવા માટે તેવા મહાપુરુષને તમારી પાસે મોકલી આપશે. તેની કૃપાથી તે તમને જરૂર દર્શન આપશે. ફક્ત શરત એટલી છે કે તેમના દર્શન માટેની ઈચ્છા કે આતુરતાને તમે ટકાવી રાખજો. કેટલીકવાર ઈચ્છાનો ઉદય થાય છે પરંતુ તે ઈચ્છા લાંબા વખત સુધી ટકી શકતી નથી. વીજળીની પેઠે ચમકી તથા થોડો વખત રહીને તે અદૃશ્ય થઈ જાય છે. મહાપુરુષના દર્શન માટેની ઈચ્છાનું જ નહિ બધી પ્રકારની આત્મોન્નતિ માટેની ઈચ્છાનું એવું સમજી લેવાનું છે; તે દીર્ઘજીવી બની રહે એનું ખાસ ધ્યાન રાખવું.

મહાપુરુષનો સ્વભાવ જ બીજાને કામ લાગવાનો હોય છે. એને માટે જ એમનું શરીર ધારણ હોય છે. કોઈ કોઈ યોગી તો સાધના પણ એટલા માટે કરે છે કે શક્તિ પ્રાપ્ત કરીને બીજાને

ઉપયોગી થઈ શકાય. સાધના દરમ્યાન ને સાધના પછી એ બીજાને ઉપયોગી થાય છે પણ ખરા. એમનું જીવન જ વહેતી નદી જેવું હોય છે. જે પોતે તો જલથી ભરપૂર બને છે પણ બીજાને પણ જલનું દાન દે છે અથવા તો એને કોઈ ફૂલની સાથે સરખાવી શકાય જે પોતે ફોરમથી સંપન્ન બને જ છે પરંતુ સાથેસાથે બીજાને પણ ફોરમ આપે છે. દીપકની પેઠે સ્વયં પ્રકાશિત કરે છે. એ સેવા નથી કરતા એમ કેવી રીતે કહી શકાય ?

**પ્રશ્ન :** છતાં પણ એવા મહાપુરુષો દેશ કે દુનિયાના મંચ પર આવીને વિરાટ પ્રમાણમાં લોકસેવાનું કાર્ય કરતા હોય તો તેમની દ્વારા વધારે મદદ ના મળે ?

**ઉત્તર :** મળે. પરંતુ એ તો એમની ઈચ્છા પર આધાર રાખે છે અથવા પ્રેરક એવા ઈશ્વરની ઈચ્છા પર આધાર રાખે છે, જે કાર્યક્ષેત્ર ઈશ્વરે એમને માટે નક્કી કર્યું હોય છે, તેમને ઓળખી લઈને એ દ્વારા એ બનતું સેવાકાર્ય કરે છે. એમાં જ એમની મહાનતા રહેલી છે. દેશ કે દુનિયાના રંગમંચ પર આવીને વિરાટ પ્રમાણમાં લોકસેવાનું કામ કરવાનું જો ઈશ્વર એમને માટે નક્કી કરે તો તે તેમ પણ કરે છે. તેમનું સમસ્ત જીવન જ ઈશ્વર પ્રેરિત અને ઈશ્વરમય હોય છે. એટલી ઈશ્વરની ઈચ્છાનુસાર જ એ બધું કર્યા કરે છે. વ્યક્તિગત રીતે કોઈ ઈચ્છા કે સંકલ્પ એમને હોય તો પણ ઈશ્વરની ઈચ્છાને ઓળખીને એ એમાં બાંધછોડ કરી દે છે અથવા કરી શકે છે.

**—શ્રી યોગેશ્વરજી**



# ॥ ભાવાત્મક એકતામંત્ર ॥

ભાવાત્મક એકતાની વાતો આજે જોરશોરથી કરવામાં આવે છે અને કેટલાક માણસો એને માટે પ્રચાર પણ કરી રહ્યા છે, એ ખરેખર આનંદદાયક છે. એવે વખતે પ્રાચીન ભારતમાં ભાવાત્મક એકતાને કેટલું બધું મહત્ત્વ અપાતું અને એને માટે રોજિંદા જીવનમાં કેવા ઉચ્ચ પ્રકારના ચોક્કસ શિક્ષામંત્રોને વણી લેવામાં આવેલા, એના તરફ અંગુલિનિર્દેશ કરું તો તે અવસ્થાને નહિ લેખાય.

ભારતના પ્રાતઃ સ્મરણીય ઋષિવરોએ જીવનવ્યવહારની એવી ઉત્તમ પદ્ધતિ નક્કી કરી હતી કે જેને પરિણામે પ્રભાતના પ્રથમ પ્રહરમાં જ સમસ્ત દેશ સાથેની અંતરંગ એકતાનો ખ્યાલ આવી જાય અને અનુભવ થાય. એમાં મદદ મળે એટલા માટે એમણે સ્નાન કરતી વખતે બોલવાનો એક શ્લોક તૈયાર કરી દીધો. એ શ્લોક કેટલો બધો સાદો, સરળ છતાં સરસ અને સારગર્ભિત છે. આ રહ્યો એ શ્લોક :

**ગંગે ચ યમુને ચૈવ,**
**ગોદાવરી સરસ્વતી,**
**નર્મદે સિંધુ કાવેરી,**
**જલેઽસ્મિન્સન્નિધિં કુરુ.**

'હે ગંગા, હે યમુના, ગોદાવરી, સરસ્વતી ! હે નર્મદા, સિંધુ તથા કાવેરી ! આ પાણીમાં તમે વાસ કરો.'

ઉપરથી જોતાં તો આ શ્લોક અને એનો અર્થ અત્યંત સીધો

અને સાધારણ લાગે છે, પરંતુ જરા સૂક્ષ્મતાથી અથવા અંદરખાનેથી વિચારીએ તો એવું નહિ લાગે. એથી ઊલટું, એના અલૌકિક આત્માની પ્રતીતિ થશે. સ્નાન કરતાં પહેલાં પોતાની પાસે પડેલા પાણીને નજર સમક્ષ રાખીને એ શ્લોક બોલવાનો હોય છે.

એ શ્લોક દ્વારા બધી નદીઓને સ્નાન કરવા માટે તૈયાર કરેલા પાણીમાં વાસ કરવાનું કહેવામાં આવે છે એમાં શો મર્મ સમાયેલો છે તે જાણો છો ?

સિંધુ નદી હિમાલયના તુષારાચ્છાદિત ઉત્તર પ્રદેશમાંથી પ્રકટ થઈને ઉત્તરીય પ્રેદશમાં જ વહ્યા કરે છે. ગંગા અને યમુના પણ આવિર્ભાવ પામે છે તો હિમાલયમાંથી જ, પરંતુ એમના પસાર થવાના પ્રદેશો જુદા છે. સરસ્વતી જેમ બદરીનાથમાં તેમ ગુજરાતના સિદ્ધપુર ક્ષેત્રમાં પણ વહે છે. નર્મદા મધ્ય પ્રદેશ અને ગુજરાત એટલે કે ભારતના કટિ પ્રદેશમાં થઈને પસાર થાય છે, ગોદાવરી મુખ્યત્વે મહારાષ્ટ્રમાં વહ્યા કરે છે, ને કાવેરી દક્ષિણના સુંદર પ્રદેશને પોતાનું ક્રીડાસ્થાન કરતી આગળ વધે છે. એ સરિતાઓનું સ્મરણ કરવાથી આખા દેશનું સ્મરણ થાય છે એટલું જ નહિ પરંતુ સમસ્ત દેશ એક છે, એની સંસ્કૃતિ એક અભિન્ન અથવા અવિભાજ્ય છે, એવું ભાન થાય છે. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ એવા ચાર વિભાગો ભૌગોલિક દૃષ્ટિએ કે વ્યાવહારિક સગવડને ખાતર કરવામાં આવ્યા હોય તે ભલે, પણ એનો અર્થ એવો નથી કે દેશ ચાર છે કે ચાર વિભાગોમાં વહેંચાયેલો છે, ના. દેશ તો એક જ છે અને એક જ રહેશે.



ભારત અનેક ભાષાઓનો દેશ છે. એની પ્રજામાં પૃથક્ પૃથક્ રિવાજો, પરંપરાઓ કે પ્રથાઓ છે. એની રુચિ, જીવનપદ્ધતિ, એની સમસ્યાઓ અને એના પ્રશ્નોમાં પણ ભેદ છે. છતાં પણ એનું લોહી એક છે, ધ્યેય એક છે, હૃદય એક છે અને એનો સાંસ્કૃતિક વારસો પણ એક છે. જુદી જુદી નદીઓના તટપ્રદેશ પર અને એમની વચ્ચે વસનારી પ્રજા એક જ છે-ભારતીય. નદીઓએ એના વિભાગો નથી કર્યા, પરંતુ એને એકતાના અસાધારણ સૂત્રે સાંધવાનું કામ કર્યું છે.

સ્નાન કરતી વખતે બોલવાના એ શ્લોકમાં એવી રીતે ઊંડું રહસ્ય રહેલું છે. એ શ્લોકને બોલતી વખતે આ બધી વસ્તુઓનું સ્મરણ થાય છે અને થવું જોઈએ. પોતાની અંતર આંખની આગળ એ શ્લોકના શબ્દોચ્ચારના પરિણામરૂપે, સમસ્ત ભારતનું રેખાચિત્ર ઊપસી આવવું જોઈએ, અને સમસ્ત રાષ્ટ્રની સાથેની પોતાની આત્મીયતા, અંતરંગ એકતા અથવા તો એકાત્મતાનો અનુભવ થવો જોઈએ, ભાવાત્મક એકતાનો આથી વધારે ઉત્તમ પદાર્થપાઠ બીજો કયો હોઈ શકે ! ભારતના પ્રાતઃસ્મરણીય ઋષિવરોએ ભાવાત્મક એકતાની જરા પણ બુમરાણ મચાવ્યા વગર, અત્યંત શાંતિપૂર્વક તથા સરળ ને કળાત્મક રીતે, એકતાના એ મંગલમય, મહામૂલ્યવાન મંત્રને રોજના જીવનવ્યવહારમાં એવી રીતે સ્નાન કરવાની ક્રિયા સાથે ગૂંથી લીધો હતો. ભાવાત્મક એકતાની ભાવના એ રીતે ભારતની રોજની અને પ્રાચીન ભાવના હતી. પરંતુ વખતના વીતવા સાથે, ધીરે ધીરે, પ્રજા પોતાના સાંસ્કૃતિક પ્રાણધન જેવી

એ અનેરી અને આશીર્વાદરૂપ ભાવનાને ભૂલી ગઈ, એ ભાવનાના અનુવાદ પરથી હાથ ધોઈ બેઠી, અંદર અંદર ભેદભાવની દીવાલો રચીને લડવા લાગી ને નિસ્તેજ બનતી ગઈ. કેટલી બધી મૂલ્યવાન, સર્વોત્તમ, સુંદર સંસ્કૃતિ અને એનો કેવો ઘોર અનાદર.

એટલા માટે તો આજે ભાવાત્મક એકતાના પાઠો ફરી શીખવવા પડે છે. મારો ઉદ્દેશ એની વિશેષ ચર્ચાવિચારણા કરવાનો નથી, મારો કહેવાનો મુખ્ય ઉદ્દેશ તો એટલો જ છે કે ભારતીય સંસ્કૃતિના આ રહસ્યમંત્રનો અને એને પ્રકટ કરનાર શ્લોકનો લાભ લઈને સ્નાન કરતી વખતે તમે સ્નાનની સાધારણ લાગતી ક્રિયાને અસાધારણ સાધનામય કરી શકો છો. એમ કરશો તો સ્નાનાગાર તમારે માટે મહાન પાઠશાળા બની રહેશે. સ્નાન કરવાની ક્રિયા તમને અજબ આનંદ આપશે. એ ક્રિયા કેવળ શરીરની શુદ્ધિ માટેની જડ ક્રિયા જ નહિ રહે, પરંતુ મન અથવા અંતરને ઉદાત્ત કરનારી તેમજ નવા ભાવે ભરનારી ચિન્મય પ્રક્રિયા બની રહેશે. દેશની સાથેની ભાવાત્મક એકતાની સાથે સાથે, જો તમે જીવનશુદ્ધિના સાધક પણ હશો તો, જુદી જુદી સરિતામાં ભાવાત્મક સ્નાન કરીને જીવનની વિશુદ્ધિની પ્રેરણા પણ મેળવી શકશો. અને સમસ્ત દેશની સાથે એકતાનો અનુભવ કર્યા પછી કાંઈ નિષ્ક્રિય બનીને બેસી રહેશો કે ? એ દેશને બેઠો કરવા ને બળવાન બનાવવા તમારાથી બનતું બધું જ કરી છૂટશો. નિષ્કામ કર્મયોગ એમાંથી આપોઆપ ફલિત થશે.

**–શ્રી યોગેશ્વરજી**



# ॥ ઈશ્વરદર્શન ॥

**પ્રશ્ન :** ઈશ્વર કેમ મળતા નથી ?

**ઉત્તર :** આ વાત મને કેટલીયવાર પૂછવામાં આવે છે. તે વિશે મેં યથાશક્તિ કહ્યું પણ છે. એ સૌનો સાર એટલો જ છે કે ઈશ્વરને મેળવવાની તીવ્ર ઈચ્છા આપણામાં જાગી નથી. એટલે ઈશ્વર આપણને મલતા નથી. ઈશ્વર માટે ઉત્કટ ઈચ્છા જાગે, તેને માટે કોઈ પ્રયાસ કરે, રડે ને પ્રાર્થે, તો ઈશ્વર તેને જરૂર મળે. પણ એટલી ઉત્કટતા માણસમાં કયાં છે ? ઈશ્વર ન મળવાનું કારણ આમાં જ રહેલું છે. ઈશ્વર વિના હજી માણસને બીજા પદાર્થોની જરૂર ખૂબ છે. રાતદિવસ માણસ તેને જ માટે દુનિયામાં દોડધામ કરે છે. ઈશ્વર માટે તેવી દોડધામ કોણ કરે છે છે ? આજે તો માણસના હૃદયમાં વિકાર ને વાસના ઘર કરીને રહેલાં છે. આવા ગંદા ઉતારામાં ઈશ્વર ક્યાંથી ઉતરી શકે ? હૃદયને સાફ કરીને પ્રભુને માટે ખાલી કરવું જોઈએ. પ્રેમના સૂરથી પ્રભુને આમંત્રણ આપવું જોઈએ. તે વિના પ્રભુ ક્યાંથી મળે ?

પ્રભુને માટે રાતદિવસ કોણ બેચેન બને છે ? સંસારની ચિંતામાં માણસને ઊંઘ પણ નથી આવતી. સ્વપ્નમાં પણ ઘણીવાર સંસારના દૃશ્યો ઊભાં રહે છે. પણ ઈશ્વરની ચિંતામાં ઊંઘ ના આવી એવું બન્યું ? ઈશ્વરની ચિંતા સ્વપ્નમાં ઊભી રહી ? ઈશ્વરના પિપાસુ ભક્તો ઈશ્વરના વિરહમાં દિવસો સુધી સુખે સુઈ શકતા નથી. તમારી એવી સ્થિતિ થઈ ? સત્યાનાશ વળી જાય ત્યારે માણસ કેવો ગાંડો થઈ જાય છે ? ઈશ્વર માટે એવું ગાંડપણ લાગ્યું ? કોઈ સ્નેહીનું મૃત્યુ થતાં માણસ રડવા ફૂટવા માંડે છે, તેને ખાવાનું ગમતું નથી. બધે અકારું અકારું લાગે છે; ને આપઘાત કરવા ઊભો થઈ જાય છે. ઈશ્વરને માટે એકવાર પણ રડવું આવ્યું ? એકપણ આંસુ પડ્યું ? ખાવાપીવાનું નીરસ લાગ્યું ? શરીરનો ભોગ આપવા ઈચ્છા થઈ ? જીવન એક દિવસ પણ

ઈશ્વર વિના ભારરૂપ લાગ્યું ? આપણે તો સંસારના વિષયોમાં આનંદ કરીએ છીએ. ઈન્દ્રિયગમ્ય જગતમાં જ આનંદ માનીએ છીએ. પણ તે વિનાશી છે એમ સમજી અવિનાશી ઈશ્વરને મેળવવા કમ્મર કસતા નથી. ઈશ્વરની ભૂખ આપણને લાગી નથી. પછી ઈશ્વર ક્યાંથી મળે ? નાના બાળકોની વાત તો તમને ખબર હશે. કેટલીકવાર તેમને રાતે કે મધરાતે પણ ભૂખ લાગે છે. તે રડીને માને ઊઠાડે છે. માને ઊંઘ ગમે તેટલી પ્રિય લાગતી હોય, તો પણ તેનો ઊઠ્યા વિના છૂટકો થતો જ નથી. મોટા માણસો પણ રાતે ભૂખ્યા થતાં ચુલો સળગાવી રસોઈ તૈયાર કરે છે. તે વિના તેમને ઊંઘ આવતી જ નથી. આવી ભૂખ આપણને કયાં જાગી છે ? ઈશ્વર માટે આવી ભૂખ જાગશે એટલે ઈશ્વર આપણાથી દૂર નહિ રહી શકે. આપણને પ્રેમપૂર્વક જરૂર મળશે એ નક્કી છે.

૧૯૪૫માં હું દક્ષિણેશ્વર ગયેલો ત્યાં રામકૃષ્ણદેવના ઓરડામાં બેસતાંવેત મારી દશા વિચિત્ર થઈ જતી. નાના બાળકની જેમ ધ્રુસકે ધ્રુસકે રડી પડાતું. કલાકો સુધી આવું રૂદન એકધારું ચાલતું. મંદિરના પૂજારી તેમજ બીજા માણસો ભેગા થઈ જતા. તેમણે આવો વિચિત્ર માણસ જોયો ન હતો. આ રૂદનનો આનંદ અજબ છે. અરે, તેવું એક જ આંસુ અતિ પાવનકારી છે. એ આંસુ જો માણસ પડી જાણે તો ઈશ્વર તેના પ્રેમદોરે જરૂર બંધાઈ જાય, ને તેનો પોતે ઋણી બને. પણ આપણામાં ઈશ્વર માટેનો તનમનાટ કયાં છે ? ચૈતન્ય મહાપ્રભુ, રામકૃષ્ણદેવ, મીરાં, તુકારામ ને તુલસીદાસ જેવો પ્રેમ-તેના સોમા ભાગનો પણ પ્રેમ આપણામાં કયાં છે ? પછી ઈશ્વર કયાંથી મળે ? ઈશ્વર માટેની તીવ્ર ઈચ્છા ને તેને માટેનો પરમ પ્રેમ જગાવવાથી ઈશ્વર જરૂર મળી શકે છે આજલગી એ જ રીતે મળ્યા છે.

**—શ્રી યોગેશ્વરજી**

**(ધર્મનો મર્મ)**



# ॥ ગીતાનો અમર ઉપદેશ ॥

**કુતસ્ત્વા કરમલમિદં વિષમે સમુપસ્થિતમ્ ।**
**અનાર્થ જુષ્ટમ સ્વર્ગ્યમે કીર્તિકરમર્જુના ॥**

‘અર્જુન ! કુરુક્ષેત્રના મેદાનમાં કૌરવોની સામે લડવા માટે તું મને તારા રથનો સારથિ બનાવીને શસ્ત્રસજ્જ થઈને હજુ તો હમણાં જ આવ્યો છે અને એટલામાં, કૌરવસેના તરફ દ્રષ્ટિપાત કરતાંવેત જ, આ અનાર્યને છાજે એવો, સ્વર્ગને ન આપનારો તથા અપયશનો ભાગી કરનારો, શોક તને ક્યાંથી થયો ? અરે, તારા જેવા શૂરવીરને શું આવો શોક છાજે છે ? તું શબ્દો તો પંડિતના જેવા બોલે છે પરંતુ તને ખબર નથી કે પંડિત આવી રીતે મિથ્યા વિષાદ કે વ્યામોહમાં નથી પડતા. તે તો ફરજ, જવાબદારી કે સ્વધર્મનો વિચાર કરીને, કર્તવ્યના પાલન માટે જ તૈયાર રહે છે. કોઈ લાગણીમાં અટવાઈ જઈને કે ક્ષણિક મોહવૃત્તિના શિકાર બનીને, કર્તવ્યવિમુખ થવાને બદલે, બધા સંજોગોમાં કર્તવ્યને જ વફાદાર રહે છે. માટે કાયરતાનો ત્યાગ કર અને હૃદયની ક્ષુલ્લક દુર્બળતાને છોડી દઈને, યુદ્ધના મેદાનમાં એક મહારથીને છાજે એવી રીતે લડવા માટે તૈયાર થઈ જા. તારે અહીં એકલા અર્જુન તરીકે નથી લડવાનું : પરંતુ પાંડવોના પ્રતિનિધિ તરીકે લડવાનું છે. ન્યાય ને નીતિના પુરસ્કર્તા કે પક્ષપાતી તરીકે, અને જેની સામે લડવાનું છે તે પક્ષમાં એકલો દુર્યોધન કે કૌરવો નથી, પરંતુ અન્યાય, અનીતિ, અસત્ય, અનાચાર, અધર્મ, અથવા છલકપટ છે. કુરુક્ષેત્રના રણમેદાનમાં એકઠી થયેલી અઢાર અક્ષૌહિણી સેના કૌરવ ને પાંડવની સેના નથી, પરંતુ ધર્મ વિરુદ્ધ અધર્મ, નીતિ વિરુદ્ધ અનીતિ, અને પ્રામાણિકતા વિરુદ્ધ અપ્રામાણિકતાની સંમિશ્રિત

સેના છે. આ યુદ્ધ, તેં અને તારા સાથીઓએ માગેલું નથી, પરંતુ તારા પર ઠોકી બેસાડવામાં કે લાદવામાં આવેલું છે અને સ્વધર્મની રક્ષા માટે તે તારે લડવું પડશે. તારો ધર્મ તને એ માટે હાકલ કરી રહ્યો છે. આવે વખતે તારા મૂળ ધર્મને મૂકી દઈને, તું ભિક્ષુ કે પરિવ્રાજકનો વેશ લઈને નારાયણહરિ કરીને પેટ ભરવાનો વિચાર કરે, તે હું નહિ સાંખી શકું. કદાપિ નહિ. એવું પેટ તો કાગડા પણ ભરે છે તો તારામાં અને એમનામાં શું ફેર ? તું વીર અર્જુન છે તેનો વિચાર કર અને આ ક્ષણિક, વચગાળાના વ્યામોહનો ત્યાગ કર. મારા હાથમાં હથિયાર બનીને આતંકકારી કૌરવદળનો નાશ કર ને વિજયને વરી લે.'

કુરુક્ષેત્રના મેદાનમાં ભગવાન શ્રીકૃષ્ણે કહેલી આ વાણી ગીતા ને મહાભારતમાં આજે પણ અમર છે. યુગો વીતી ગયા છતાં પણ એ એવી જ તાજી છે, કારણ કે એ જે કટોકટીમાં કહેવાઈ છે તે કટોકટી અવારનવાર આવતી જ રહી છે, અને જે અર્જુનને કહેવાઈ છે તે અર્જુનની જેવા શૂન્યમનસ્ક, કિંકર્તવ્યવિમૂઢ, વિષાદમગ્ન, કર્તવ્યનો નિર્ણય કરવામાં અકુશળ, એવા માનવ અર્જુનો પૃથ્વી પર થતા જ રહ્યા છે. અનંત કાળથી તે છેક આજલગી એમનો પ્રવાહ ચાલુ જ રહ્યો છે, અને ચાલુ જ રહેવાનો છે. એટલે એ વાણી માનવના મનને પ્રેરણા આપનારી સનાતન વાણી બની ગઈ છે.

અર્જુન આવેલો તો લડવા : પરંતુ યુદ્ધના મેદાનમાં મિત્રો ને સ્નેહીજનોને જોઈને એનો ઉત્સાહ ઓસરી ગયો અને એના પગ ઢીલા થઈ ગયા. જો એ એકલો જ હોત તો તો ગાંડીવને મૂકીને રણમેદાનમાંથી વિદાય થાત તેમાં કશી હરકત ન હતી પરંતુ તેને માથે તો મોટી જવાબદારી હતી. એ જવાબદારીના ભાન સાથે તો એ કુરુક્ષેત્રની ભૂમિમાં ભગવાન કૃષ્ણને પોતાના રથના



સારથિ બનાવીને આવી પહોંચેલો. હવે એ ક્ષણિક વ્યામોહને વશ થઈને યુદ્ધનો ત્યાગ કરવાની વાત કર એ કૃષ્ણ કેવી રીતે સાંખી લે ?

શ્રીમદ્ ભગવદ્ગીતાના જન્મનું કારણ એજ છે. એ સમસ્યામાંથી જ એનો પ્રાદુર્ભાવ થયો છે. ગીતાની એ પ્રેરક વાણીને સાંભળીને અર્જુનનો વ્યામોહ દૂર થયો, એની ભ્રમણા ટળી ગઈ, અને એને કર્તવ્યનો સાચો પંથ લાધી ગયો. અર્જુને કહ્યું પણ ખરું કે મારો મોહ મટી ગયો છે. તમારા અનુગ્રહને પરિણામે મને પ્રકાશની પ્રાપ્તિ થઈ છે. મને કોઈ પ્રકારનો સંદેહ નથી રહ્યો. તમારા આદેશ પ્રમાણેનું વર્તન કરવા હું કૃતસંકલ્પ બનીને ઊભો છું.

જ્યારે જ્યારે કર્તવ્યના ક્ષેત્રમાં પ્રમાદ થાય, બુદ્ધિ ભ્રાંત બની જાય, અને સારાસારનો વિવેક ખોઈ બેસે, ત્યારે ગીતા પ્રકાશ પૂરો પાડે છે, પ્રેરણા પહોંચાડે છે, સાચા માર્ગનું દર્શન કરાવે છે. કર્તવ્યપાલન કરતાં, ન્યાય ને નેકીને માર્ગે ચાલતાં, મરણને શરણ થવું પડે તોપણ ભલે. એ મરણ માનવંત કે કલ્યાણકારક છે; પરંતુ સ્વધર્મ, ફરજ કે કર્તવ્યનો ત્યાગ સદા ભયંકર છે, હાનિકારક છે, અમંગલ છે. ગીતાનો એ ઉપદેશ વ્યક્તિ તથા સમષ્ટિને નવું બળ પૂરું પાડે છે. આજે પણ એ એટલો જ અસરકારક છે.

''સ્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહઃ'' કર્તવ્ય કરતાં કરતાં ખપી જવું કલ્યાણકારકઃ એથી ઊલટું અકલ્યાણકારક.

**–શ્રી યોગેશ્વરજી**

**(આત્માની અમૃતવાણી)**

# ॥ સદ્‌ગુરુ વિશે ॥

**પ્રશ્ન :** મારે આધ્યાત્મિક ઉન્નતિના માર્ગે આગળ વધવા માટે કોઈ ગુરુની આવશ્યકતા ખરી ?

**ઉત્તર :** આધ્યાત્મિક ઉન્નતિના માર્ગે આગળ વધવા માટે તમારે કોઈ ગુરુની આવશ્યકતા છે કે નથી તેનો નિર્ણય મારે નહિ પણ તમારે જ કરવાનો છે; એ નિર્ણય કરવામાં હું મારી રીતે મદદરૂપ થઈ શકું, પરંતુ છેવટના નિર્ણય તમારે જ કરવાના છે. કોઈ કોઈને માટે એ સંબંધે અંતિમ નિર્ણય ના કરી શકે. કરે તો પણ દીર્ઘ સમયપર્યંત કે છેવટ સુધી ચાલે નહિ.

**પ્રશ્ન :** ગુરુ વિના આધ્યાત્મિક ઉન્નતિના મંગલ માર્ગે આગળ વધી જ ના શકાય એ સાચું છે ?

**ઉત્તર :** મને પોતાને એવું નથી લાગતું.

**પ્રશ્ન :** કેમ ?

**ઉત્તર :** આધ્યાત્મિક ઉન્નતિના માર્ગે આગળ વધવા માટે ગુરુ અનિવાર્યરુપે આવશ્યક નથી. અને હોય તો પણ જીવનવિકાસના એવા કેટલાય નિયમો, તપો તથા વ્રતો છે જેમનું પરિપાલન અથવા અનુષ્ઠાન ગુરુની રાહ જોયા સિવાય પોતાની મેળે જ કરી શકાય.

**પ્રશ્ન :** દાખલા તરીકે ?

**ઉત્તર :** દાખલા તરીકે રોજ રોજ બ્રાહ્મમુહૂર્તમાં ઉઠીને પરમાત્માની પ્રાર્થના કરવા માટે અને સ્નાનાદિથી નિવૃત્ત થઈને સદ્‌ગ્રંથોના સ્વાધ્યાયનો ને નામજપ સાથેના કે નામજપ સિવાયના ધ્યાનનો આધાર લેવા માટે સદ્‌ગુરુની આવશ્યકતા છે જ એવું થોડું છે ? પોતાના જીવનનું આત્મનિરીક્ષણ કરવા, પોતાની ત્રુટીઓને તપાસવા તથા તેમનામાંથી મુક્તિ મેળવવા માટે ગુરુની પ્રતીક્ષા કરીને અનિશ્ચિત કાળપર્યંત બેસી રહેવું પરવડે તેમ છે ? વ્યસનોના શિકાર ના બનવું હોય ને વ્યસનોમાંથી મુક્તિ મેળવવી હોય તો ગુરુની ઉપસ્થિતિ અનિવાર્ય છે ? રાત્રે સૂતાં પહેલાં પ્રાર્થના કરવી હોય ને વીતેલા વખતનું નિરીક્ષણ કરીને નૂતન સંકલ્પો કરવા હોય



તો ગુરુ સિવાય કરી શકાય જ નહિ ? એ સૌને માટે ગુરુની પ્રતીક્ષા કરીને બેસી રહેવું જોઈએ ? જીવનવિકાસને માટેની એવી બધી ને બીજી ઉપયોગી વાતોનો અમલ પોતાની મેળે પણ કરી શકાય છે. જ્યારે કોઈક બહારના સ્થૂળ માનવ ગુરુની આવશ્યકતા હશે ત્યારે આપણી યોગ્યતાનો કે પવિત્રતાનો વિચાર કરીને ઈશ્વર જ એમને મોકલી આપશે.

**પ્રશ્ન :** એવા સદ્‌ગુરુની પ્રાપ્તિ વ્યવહારમાં રહીને કરી શકાય ?

**ઉત્તર :** શા માટે ના કરી શકાય ? સદ્‌ગુરુની પ્રાપ્તિના પવિત્રકાર્યમાં વ્યવહાર વચ્ચે આવતો નથી કે બાધક બનતો નથી. સદ્‌ગુરુની સંપ્રાપ્તિ માટે જેનું મુખ્ય મહત્ત્વ હોય છે તે તો માનવનું મન છે. મનમાં એમને મેળવવા માટેના મનોરથ જાગતાં અને આતુરતા વધતાં જ્યાં પણ હોઈએ ત્યાં એમનાં દર્શન, સમાગમ, અનુગ્રહનો દેવદુર્લભ લાભ મળી રહે છે.

**પ્રશ્ન :** સદ્‌ગુરુની સેવા કેવી રીતે કરવી ?

**ઉત્તર :** એમની આવશ્યકતા અથવા અભિરુચિને અનુસરીને. એ સેવાનાં સ્વરૂપો જુદાં જુદાં હોઈ શકે, છતાં પણ એમની મહત્ત્વની સેવા એમના પ્રદર્શાવેલા પ્રગતિપંથ પર પ્રયાણ કરવામાં અને અંતતોગત્વા જીવનનું આધ્યાત્મિક કલ્યાણ કરવામાં રહેલી છે. એમની સેવા પરમ અને અચળ શ્રદ્ધાભક્તિથી સંપન્ન બનીને, સર્વ પ્રકારની શંકા-કુશંકામાંથી કાયમ માટે મુક્તિ મેળવીને કરવી જોઈએ. એમનામાં દોષદર્શન કરનાર કદી પણ એમની સાચી સેવા નથી કરી શકતો અને એમનો પૂરેપૂરો લાભ પણ નથી પામી શકતો. દોષદર્શન કરવું જ હોય તો પોતાનું દોષદર્શન જીવનવિકાસના સાધકને માટે ખૂબ ખૂબ મદદરૂપ બની શકે. અન્યના અને એમાંય સદ્‌ગુરુના દોષદર્શનથી કોઈ ઉપયોગી હેતુ નહિ સરે. સદ્‌ગુરુને સાચી રીતે એમના વાસ્તવિક સ્વરૂપમાં ઓળખવાનું કામ અતિશય અઘરું છે. એને માટે એમની અહેતુકી અનંતકૃપા જોઈએ. એમને ઓળખવાની યોગ્યતા સિવાય એમને માટે ગેરસમજ થવાનો અને અનુચિત ભળતા અભિપ્રાયો આપવા-અપાવવાનો સંભવ રહે છે.

**—શ્રી યોગેશ્વરજી**

# ॥ ધ્યાનની સાધના : પ્રશ્નોત્તરી ॥

**પ્રશ્ન :** ધ્યાનની સાધના સંસારમાં ક્યારથી ચાલી આવે છે ?

**ઉત્તર :** એને માટેની કોઈ ચોક્કસ સુનિશ્ચિત સમયમર્યાદાને નક્કી કરવાનું કે દર્શાવવાનું કામ કઠિન છે, અશક્ય જેવું છે, એવું કહીએ તો પણ ચાલે. પરમાત્માનો દિવ્ય સાક્ષાત્કાર કરવાની ઈચ્છાવાળા માનવે એ ઈચ્છાને સંતોષવા માટે ધ્યાનની સરળ, શાંત, અંતરંગ આરાધનાનો આધાર લીધેલો. એ આરાધના અથવા સાધનાનો નિર્દેશ વેદકાળમાં પણ મળી આવે છે. શ્વેતાશ્વતર ઉપનિષદમાં અને અન્યત્ર એનું વર્ણન કરવામાં આવ્યું છે. શિવપુરાણ, યોગવસિષ્ઠ, પાતંજલ યોગદર્શન અને ભગવદ્‌ગીતા જેવા ગ્રંથરત્નોમાં પણ એની સારગર્ભિત સવિસ્તર સમાલોચના કરવામાં આવી છે. એ ગ્રંથરત્નો પરથી પ્રતીતિ થાય છે કે ધ્યાનની સાધનાનો આરંભ પ્રાગૈતિહાસિક અથવા અતીત કાળથી થયેલો છે. એનાં મૂળિયાં ધાર્યાં કરતાં ઘણાં ઊંડાં છે.

એક બીજી મહત્ત્વની વાત તરફ તમારું ધ્યાન દોરું. ધ્યાનની સાધના માનવ માત્રને માટે અસાધારણ અમૂલ્ય આશીર્વાદરૂપ છે. એ સાધના સંસારમાં ક્યારથી ચાલી આવે છે; એની માહિતી મેળવવાનું કામ કદાચ જિજ્ઞાસાવૃત્તિને સંતોષવા માટે સારું હશે, તો પણ એવી માહિતી માટેના પ્રયત્નોની પાછળ વિશેષ વખત વીતાવવાનું બરાબર નથી, એને બદલે એની ઉપકારતા કે કલ્યાણકારકતા પ્રત્યે જેટલું પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે એટલું ઓછું છે. એથી મહત્ત્વનો લાભ થઈ શકશે. ધ્યાનની સાધના ગમે તેટલી પ્રાચીન અથવા અર્વાચીન હોય તો પણ સૌ કોઈને માટે શ્રેયસ્કર છે. આપણે મન એનું જ મહત્ત્વ વધારે છે.

**પ્રશ્ન :** ધ્યાનની સાધના સૌ કોઈને માટે શ્રેયસ્કર છે કે ફક્ત જે આત્મોન્નતિને માર્ગે આગળ વધવા માગે અથવા સાધનાત્મક જીવન જીવવાની અભિલાષા સેવે એવા ગણ્યાગાંઠ્યા વિરલ માનવોને માટે ?

**ઉત્તર :** ધ્યાનની સાધના સાધનાત્મક જીવન જીવવાની અભિલાષાવાળા ગણ્યાગાંઠ્યા વિરલ માનવોને માટે જ નહિ, પરંતુ સૌ કોઈને સારું શ્રેયસ્કર છે. એ સાધના સાધનાત્મક જીવન



જીવવાની અભિલાષાવાળા માનવોને માટે જ છે એવું માનવું ભૂલભરેલું છે. એ સાધના માનવ માત્રને માટે છે. એનો લાભ સૌએ લેવો જોઈએ.

**પ્રશ્ન :** સામાન્ય માનવોને ધ્યાનની સાધનાથી શો લાભ થાય ?

**ઉત્તર :** સામાન્ય માનવો ધ્યાનની સાધનાથી મનને ઉશ્કેરાટ, ઉત્તેજના અથવા આવેગ વગરનું, સ્વસ્થ અને શાંત રાખી શકે છે. વ્યવહારનું વિપરીત વાતાવરણ કેટલીક વાર સામાન્ય માનવના મનને વિપરીત અથવા અસ્વસ્થ બનાવી દે છે. એથી પ્રભાવિત થઈને એ અહંતા, મમતા, આસક્તિ, કામ, ક્રોધ તથા રાગદ્વેષનો શિકાર બને છે. ધ્યાનની અંતરંગ સાધના એવી અસ્વસ્થતામાં અને અનેકવિધ દોષોમાંથી મુક્તિ આપે છે. એથી જીવનની વિશુદ્ધિની પ્રેરણા મળે છે અને ચિત્તતંત્રને આરામ પહોંચે છે. સામાન્ય રીતે માનવ પોતાના જીવનમાં સુખશાંતિની અને સ્વાત્મસંતોષની ઈચ્છા રાખે છે. એ ઈચ્છા એવી મહામૂલ્યવાન મદદથી પૂરી થાય છે. ધ્યાનના અભ્યાસથી મન હળવું બને છે, ઊંડો અસાધારણ આરામ મળે છે, વિચારશક્તિ વધે છે, સ્મૃતિ બળવાન બને છે. એને લીધે વ્યવહારિક કર્તવ્યોનું અનુષ્ઠાન અથવા પરિપાલન વધારે સારી રીતે થઈ શકે છે. એટલે સામાન્ય માનવોએ પણ ધ્યાનના અભ્યાસની અભિરુચિને જગાવવી ને વધાવવી જોઈએ. એથી કોઈ જલદી લાભ થયેલો નહિ દેખાય તો પણ હાનિ તો નહિ જ થાય.

**પ્રશ્ન :** સામાન્ય રીતે ધ્યાનનો ઓછામાં ઓછો સમય કેટલો હોવો જોઈએ ?

**ઉત્તર :** ઓછામાં ઓછો સમય સવારે ને સાંજે અડધા અડધા કલાકનો હોવો જોઈએ.

**પ્રશ્ન :** અને વધારેમાં વધારે સમય ?

**ઉત્તર :** જેટલો પણ કાઢી શકાય એટલો. એક વાત ચોક્કસ છે કે ધ્યાનની સાધનાનાં મહત્ત્વનાં મનોવાંછિત લક્ષ્યાંકોને પ્રાપ્ત કરવા માટે એનો સુદીર્ઘ સમયપર્યંત નિયમિત રીતે ઉત્સાહ ધીરજ, ખંત સાથે આધાર લેવો જોઈએ. એને નિત્યજીવનની દિનચર્યાનું એક અગત્યનું અનિવાર્ય અંગ બનાવી દેવું જોઈએ. એવું કરવામાં આવે તો અધિક અને વિશેષ લાભ થઈ શકે.

**પ્રશ્ન** : જીવનના વિરોધાભાસી વિષમ વ્યવહારની વચ્ચે વસનારો, વિચરનારો માનવ ધ્યાનને સારુ સમય કાઢી શકે ખરો ?

**ઉત્તર** : શા માટે ના કાઢી શકે ? જીવનના વિરોધાભાસી વ્યવહારની વચ્ચે વસનારો, વિચરનારો માનવ બીજી કેટલીય પ્રવૃત્તિઓને માટે સમય કાઢી શકે છે તો પછી ધ્યાનને માટે શા માટે ના કાઢી શકે ? મુખ્ય મુદ્દો સમયનો નથી પરંતુ અભિરુચિનો અથવા રસવૃત્તિનો છે. જે વિષયની રુચિ અથવા રસવૃત્તિ હોય છે તે વિષયને માટેનો સમય માનવ ગમે તેમ કરીને ગમે ત્યારે પણ કાઢતો હોય છે. ધ્યાનને માટેની રુચિ કે રસવૃત્તિને જાગતાં કે બળવાન બનતાં વાર લાગશે, તેને માટે જુદી જુદી રીતે પ્રામાણિકતાપૂર્વક પ્રયત્નો કરીને ભૂમિકા બનાવવી પડશે. એવી આવશ્યક ભૂમિકાનું નિર્માણ થતાં આગળનું કાર્ય સરળ બનશે. પછી તો સાધક ધ્યાન માટેનો નિશ્ચિત સમય નક્કી કરીને તેને વળગી રહેશે. એ સાધના માટેનો સમય નથી એવી ફરિયાદ નહિ કરે. ઊંઘમાંથી અથવા તો બીજી આડવાતો તથા પ્રવૃત્તિઓમાંથી વખત કાઢીને તે ધ્યાન માટે વાપરશે. એને ધ્યાનની લગન લાગશે. એ લગન પોતાની સાથે અન્ય અનેક વસ્તુઓને લઈ આવે છે. સમયની સાનુકૂળતા, સાધનાની પ્રીતિ, ઉત્સાહ-ધીરજ-ખંત હિંમત પુરુષાર્થપરતા, સાધનાનું સાતત્ય, આનંદ, આત્મનિવેદન, એકાગ્રતા, અને આત્માનુભૂતિ, પોતપોતાના વિષયમાં રસવાળા માનવો એને માટે ગમે તે ભોગે પણ સમયને ફાળવતા હોય છે. વ્યવહારની વચ્ચે વસતા-વિહરતા માનવે પણ એવી રીતે સમયને ફાળવવો જોઈએ. એને માટે બીજો કોઈ વિકલ્પ નથી. હરવાફરવાનો, ખાવાનો, ઊંઘવાનો, ગપ્પાં મારવાનો. અને એવો બીજો સમય હોય અને સત્સંગ, સ્વાધ્યાય-ધ્યાન જેવી જીવનોપયોગી કલ્યાણકારક, શાંતિપ્રદાયક પ્રવૃત્તિ માટે સમયનો અભાવ છે એવું માનવા મનાવવામાં આવે તો તેવી વૃત્તિ કે પદ્ધતિને આવકારદાયક ના કહી શકાય સ્વસ્થ કે તંદુરસ્ત ના મનાય.

**પ્રશ્ન** : ધ્યાનની અંતરંગ સાધના સારુ કોઈ નિશ્ચિત સમયની આવશ્યકતા ખરી ? એ સાધના દરમિયાન કોઈ નિશ્ચિત સમયે, નિશ્ચિત આસન પર જ બેસવું જોઈએ કે ગમે તે સમયે ગમે તેવા



આસન પર બેસીએ કે ના બેસીએ તો પણ ચાલી શકે ?

**ઉત્તર** : તમારા એ પ્રશ્નનો પ્રત્યુત્તર મેં આ પહેલાં એક અથવા બીજી રીતે પ્રકારાંતરે આપી દીધો છે, તો પણ તમે પૂછો છો તો ફરીવાર કહું. ધ્યાનની અંતરંગ સાધના નિશ્ચિત સમયે કરવામાં આવે એ ખરેખર અને ખૂબ જ આવશ્યક છે. સાધના રોજ સુનિશ્ચિત સમયે કરવાથી મનને તેવી ટેવ પડી જાય છે. વખતના વીતવાની તે સાથે આખરે એકાગ્ર થાય છે. તો પણ કોઈ સંજોગોમાં, કોઈ કારણે નિશ્ચિત સમયે સાધના માટે બેસી ના શકાય તો પણ જે સમયે બેસી શકાય તે સમયે બેસવું તો ખરું જ. બીજી મહત્ત્વની વાત એ છે કે ધ્યાનની સાધના આસન પર બેસીને કરવામાં આવે એ ઇચ્છવા યોગ છે. આસન પર બેસવાથી મનને સ્થિર, એકાગ્ર અને શાંત કરવામાં મદદ મળે છે તેમજ સમાધિ દશામાં પ્રવેશવાનું સહેલું બને છે.

**પ્રશ્ન** : આત્મકલ્યાણને માટે ધ્યાન કરવું સારું કે લોકકલ્યાણનું કામ કરવાનું સારું ?

**ઉત્તર** : આત્મકલ્યાણને માટે કરાતા ધ્યાનમાં ને લોકકલ્યાણને માટે કરાતા કામમાં કોઈ પ્રકારનો વિરોધ નથી. ધ્યાન પણ કામ જ છે ને ધ્યાનથી લોકકલ્યાણના કામમાં મોટી મદદ મળે છે. આપણે ત્યાં મોટા ભાગના માનવોએ ધ્યાન તથા કામને પરસ્પરવિરોધી વિષયો માની લીધા છે તેથી વ્યાવહારિક કામ કરનારા ધ્યાન કરવામાં માનતા નથી ને ધ્યાનની રુચિ રાખનારા વ્યવહારિક કાર્યો પ્રત્યે સૂગ ધરાવે છે, ઉપેક્ષા ભાવ રાખે છે. અને એવાં કાર્યો કરનારાને અજ્ઞાની અથવા મંદબુદ્ધિના માને છે. સાચી વાત તો એ છે કે જીવનના સર્વાંગીણ વિકાસ ને માટે લોકકલ્યાણનાં ઉપયોગી સર્વ શ્રેયસ્કર કાર્યોનું અનુષ્ઠાન કરવાની સાથે સાથે ધ્યાન, જપ, પ્રાર્થના, સ્વાધ્યાય, આત્મનિરીક્ષણ જેવા અંતરંગ આધ્યાત્મિક અભ્યાસક્રમની પણ આવશ્યકતા છે. બંનેનો વખત એવી રીતે વહેંચી દેવો જોઈએ કે બંનેનું અનુષ્ઠાન એકમેકને મદદરૂપ બની રહે. રોજ સવારે ને સાંજે ઓછામાં ઓછું બે કલાક ધ્યાન ને શેષ સમયમાં કામ એ નિયમ ઘણો સારો છે.

**પ્રશ્ન** : ધ્યાનમાં પ્રાણાયામ તથા મુદ્રાનો અભ્યાસ અનિવાર્ય છે ?

**ઉત્તર :** ના, અનિવાર્ય નથી. પ્રાણાયામ તથા મુદ્રાના અભ્યાસ સિવાય પણ ધ્યાનની સાધના થઈ શકે છે. ધ્યાન કરતી વખતે આસન, પ્રાણાયામ, મુદ્રાનો અભ્યાસ કરવામાં આવે છે એ તો એક આનુષંગિક પૂરક સાધન તરીકે. તેના વિના ધ્યાન થાય જ નહિ એવું નથી સમજવાનું. એ અભ્યાસથી કેટલાક શારીરિક અને માનસિક લાભો થાય છે, તો પણ ધ્યાનની સાધના એક સ્વતંત્ર, નિરાળી, પરિપૂર્ણ સાધના છે. એનો આધાર કોઈપણ પ્રકારના બીજા અભ્યાસ વિના સીધો જ લઈ શકાય છે. એનો આધાર લઈને સાધક સિદ્ધાવસ્થાના શાંત સમુન્નત સુમેરુ શિખર પર પહોંચી શકે છે. ધ્યાનમાં ધ્યાન સિવાય બીજા કશાનો અભ્યાસ અનિવાર્ય નથી.

**પ્રશ્ન :** ધ્યાન દિવસે કરવું જોઈએ કે રાતે કરવું જોઈએ ?

**ઉત્તર :** ધ્યાન દિવસે પણ કરવું જોઈએ અને રાતે પણ કરવું જોઈએ. એને માટે દિવસ કે રાતનું કોઈ બંધન નથી. જ્યારે પણ સાનુકૂળ સમય હોય ત્યારે એનો આધાર લઈ શકાય છે. કેટલાકના આદરપ્રિય અભિપ્રાય પ્રમાણે રાતે જ્યારે ઊંડી શાંતિ હોય છે. તે સમયે થોડોક વખત ધ્યાન જેવી અંતરંગ સાધના માટે કાઢવામાં આવે એ બધું ઈચ્છવા યોગ્ય છે. એ અભિપ્રાય આધાર વગરનો અને અનુચિત તો નથી જ. છતાં પણ ધ્યાનના અભ્યાસની અભિરુચિ જાગશે પછી દિવસે કે રાતે જ્યારે પણ સમય મળશે ત્યારે ધ્યાન કરવાનું જ વલણ રહેશે. જેમને વધારે વખત ના મળતો હોય તેમણે રોજ સવારે બ્રાહ્મમુહૂર્તમાં અને રાતે સૂતા પહેલાં કે સૂર્યાસ્ત સમયે ધ્યાન કરવાની ટેવ પાડવી. એ ટેવ લાંબેગાળે ખૂબ જ લાભકારક થશે.

**પ્રશ્ન :** ધ્યાનમાં જુદાં જુદાં દર્શન થાય છે એ સાચું છે ?

**ઉત્તર :** સાચું છે. ધ્યાનમાં અમુક અવસ્થાએ પહોંચ્યા પછી જુદી જુદી જાતનાં દર્શનો થતાં હોય છે. સાધકો સાધનાના માર્ગમાં આગળ વધ્યા પછી એવાં દર્શનોનો આનંદ મેળવી શકે છે.

**પ્રશ્ન :** એ દર્શનો કોનાં હોય છે ?

**ઉત્તર :** સિદ્ધ મહાપુરુષોનાં, દેવીદેવતાનાં તેમજ સાધકના પોતાના ઈષ્ટનાં.

**પ્રશ્ન :** જપનો આધાર લઈને ધ્યાન ધરવું કે જપનો આધાર લીધા



વિના ધરવું ?

**ઉત્તર :** જપનો આધાર લઈને કે જપનો આધાર લીધા સિવાય ધ્યાન કરવું તે વાતનો આધાર સાધકની પ્રકૃતિ અથવા રુચિ પર રહે છે. ધ્યાન બન્ને રીતે કરી શકાય છે. કેવી રીતે ધ્યાન કરવું તેનો નિર્ણય સહેલાઈથી ના કરી શકાય તો કોઈ અનુભવી પુરુષનું અથવા ગુરુનું માર્ગદર્શન મેળવવું. અને તે માર્ગદર્શન પ્રમાણે આગળ વધવું. જો જપનો આધાર લઈને, ધ્યાન કરવામાં આવે કે જપના આધાર વગર ધ્યાન કરવામાં આવે તો પણ ધ્યાનમાં મન એકાગ્ર થાય તે ખૂબ જ મહત્ત્વનું કહેવાય છે.

**પ્રશ્ન :** જપ પર પ્રેમ ન હોય તો જપ વગર ધ્યાન કરી શકાય ?

**ઉત્તર :** જપ પર પ્રેમ ન હોય તો પોતાના ઈષ્ટદેવ અથવા આરાધ્ય દેવનો આધાર લઈને તેમના સ્વરૂપને યાદ કરીને પણ ધ્યાન કરી શકાય છે. ધ્યાન કરનારા બધા જ સાધકો માટે નામ જપનો આધાર લેવાની અનિવાર્ય આવશ્યકતા છે એવું નથી સમજવાનું.

**પ્રશ્ન :** વહેલા ઊઠીને ધ્યાન કરવાથી ઊંઘ આવે છે તો ઊંઘ ના આવે તેને માટે શું કરવું ?

**ઉત્તર :** વહેલી ઊઠીને ધ્યાન કરવાથી ઊંઘ આવતી હોય તો પૂરી ઊંઘ લઈને બ્રાહ્મમુહૂર્તમાં ધ્યાન કરવું. પૂરેપૂરી ઊંઘ લીધા પછી બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને ધ્યાન કરવાનું સારું છે, મધરાતે ઉઠવાથી ઊંઘ કાચી રહેવાનો સંભવ હોય છે તેથી પૂરી ઊંઘ લીધા પછી જ ધ્યાનમાં બેસવાનો આગ્રહ રાખવો.

**પ્રશ્ન :** કયો મંત્ર શ્રેષ્ઠ છે ?

**ઉત્તર :** કયો મંત્ર શ્રેષ્ઠ છે એ પ્રશ્ન જ નથી. બધા જ મંત્રો શ્રેષ્ઠ છે. જે મંત્રમાં આપણી રુચિ, શ્રદ્ધા ભક્તિ હોય તે મંત્રને જપવાથી લાભ થાય છે. તે મંત્ર આપણે માટે સર્વોત્તમ બની જાય છે. તે મંત્રને શ્રદ્ધાભક્તિપૂર્વક વળગી રહેવું જોઈએ તો તે આપણે માટે ચમત્કારનું સર્જન કરી શકે છે.

**પ્રશ્ન :** મંત્ર યંત્રની પેઠે બોલાય તો ચાલે ?

**ઉત્તર :** મંત્ર યંત્રની પેઠે બોલવાને બદલે એના ભાવાર્થને યાદ રાખીને એનો આધાર પ્રેમપૂર્વક રસ સાથે લેવામાં આવે તો તે વધારે ઉપયોગી, તથા કલ્યાણકારક થઈ પડે છે. આરંભમાં મંત્રનું રટણ

યંત્રની પેઠે થતું હોય તો પણ ધીરેધીરે આગળ વધતા જઈએ તેમ તેમ તેનું રટણ રસપૂર્વક થવા લાગે છે, તથા ચિન્મય બની જાય છે યંત્રવત્ બોલાતા મંત્રથી પણ કોઈપણ પ્રકારનું નુકશાન નથી થતું. તેનાથી મનની એકાગ્રતામાં મદદ મળે છે. મન બહારના વિચારોમાંથી અને વિષયોમાંથી પાછું વળે છે, તો પણ યંત્રની પેઠે જપવામાં આવતા મંત્રને સમજપૂર્વક ભક્તિભાવ સાથે જપવામાં આવે છે તો તેથી વિશેષ લાભ થાય છે.

**પ્રશ્ન :** આચારશુદ્ધિ વિના ધ્યાન લઈ શકે ?

**ઉત્તર :** આચારશુદ્ધિ સિવાય ધ્યાનનો આધાર અવશ્ય લઈ શકાય. પરંતુ તેવા ધ્યાનથી જરૂરી માનસિક શાંતિ કદાચ ના મળી શકે. ધ્યાનનો આધાર લેનારે આચારશુદ્ધિનો આગ્રહ રાખવો જોઈએ. જેમ જેમ ધ્યાનની સાધના આગળ ચાલે છે તેમ તેમ આચારશુદ્ધિની પ્રેરણા મળતી રહે છે, એ પ્રેરણાને ઝીલવાની શક્તિ સાધકની અંદર આપોઆપ પ્રાદુર્ભાવ પામે છે. છતાં પણ એનો અર્થ એવો નથી કે આવશ્યક આચારશુદ્ધિ વિના સાધકે ધ્યાનની સાધનાનો આરંભ કરવો જ નહિ. શુદ્ધિની દૃષ્ટિએ સાધક જે ભૂમિકા પર હોય ત્યાંથી આગળ વધવાની કોશિશ કરતાં રહીને ધ્યાનનો અભ્યાસ નિયમિત રીતે કરવો જોઈએ. આચારની શુદ્ધિ થતી જાય છે તેમ તેમ માનસિક શાંતિનો અનુભવ થાય છે, અને છેવટે આત્મદર્શનનો લાભ મળી રહે છે.

**પ્રશ્ન :** ઈષ્ટદેવ તથા ગુરુદેવ એ બંનેમાંથી પ્રથમ કોનું ધ્યાન કરવું ?

**ઉત્તર :** પોતાના ઈષ્ટદેવ અને ગુરુદેવમાં તત્ત્વની દૃષ્ટિએ કોઈ ખાસ ભેદભાવ નથી હોતો. બન્ને મૂળભૂત રીતે એક જ હોય છે, છતાં પણ ધ્યાન કરવાનું હોય ત્યારે સૌથી પ્રથમ ગુરુદેવની કૃપા માટે પ્રાર્થના કરવી તે પછી પોતાના ઈષ્ટદેવનું ધ્યાન ધરવું. ગુરુદેવને ઈષ્ટદેવ માનવામાં આવતા હોય તો કેવળ ગુરુદેવનું જ ધ્યાન ધરી શકાય. પરંતુ ગુરુદેવ કરતાં ઈષ્ટદેવ અલગ હોય તો તેમના ધ્યાનમાં મદદ મળે તથા સફળતા સાંપડે તે માટે ગુરુની કૃપાની કામના કરવી એ પરિસ્થિતિમાં ધ્યાન ગુરુદેવનું ના કરવું પરંતુ જે ઈષ્ટદેવ કે દેવી હોય તેમનું જ કરવું.

**પ્રશ્ન :** ધ્યાન કરતી વખતે જો ઊંઘ આવે અને બીજા વિચારો



સતાવે તો શું કરવું ?

**ઉત્તર :** ધ્યાન કરતી વખતે ઊંઘ આવે તો આંખને ધોઈ નાખવી, ધ્યાન કરવાનું કામચલાઉ સમયને માટે બંધ રાખવું અને થોડાક આંટાફેરા કરી લેવા. સુસ્તી દૂર થાય તે પછી ફરી વાર ધ્યાન કરવાનું શરૂ કરવું એવું કરવાથી આખરે ઊંઘનો ઈલાજ થઈ રહેશે. ધ્યાન કરનારે સૂક્ષ્મ આહાર લેવો જોઈએ. આહાર અને નિદ્રાનો છેક જ સમીપનો સંબંધ હોય છે. ધ્યાન કરનારે રાતે અલ્પ અને વહેલો આહાર લેવો જોઈએ. રાતે આહાર લેવામાં ના જ આવે તો પણ તેથી નિદ્રાનો વિજય કરવામાં મદદ મળે છે, ધ્યાન કરતી વખતે બીજા વિચારો સતાવતા હોય તો તેથી હતાશ કે નિરાશ થવાને બદલે આપણે પોતે જ આપણા આરાધ્ય દેવના વિચારો કરવાનું શરૂ કરવું. તે ઉપરાંત જપ સાથે ધ્યાન કરવાની ટેવ પાડવી. ધ્યાન કરતી વખતે પરમાત્માની પ્રાર્થનાનો આધાર લેવાથી પણ મનની એકાગ્રતામાં મદદ મળે છે. ધ્યાનનો અભ્યાસ જેમ જેમ આગળ વધે છે તેમ તેમ બીજા ભળતા વિચારો આપો આપ શાંત બની જાય છે. અને છેવટે જેમનું ધ્યાન કરવામાં આવે છે તેમના જ વિચારો ચાલ્યા કરે છે.

**પ્રશ્ન :** આસન, પ્રાણાયામ, મુદ્રાનો અભ્યાસ ધ્યાન કર્યા પછી કરવો જોઈએ કે ધ્યાન કરતાં પહેલાં કરવો જોઈએ ? ધ્યાનના અભ્યાસ માટે આસનનો અભ્યાસ અનિવાર્ય છે ?

**ઉત્તર :** આસન, પ્રાણાયામ, મુદ્રાનો અભ્યાસ ધ્યાન કર્યા પછી પણ થાય છે, અને ધ્યાન કરતાં પહેલાં પણ કરી શકાય છે. એ અભ્યાસ સાધકની પોતાની અનુકૂળતા પ્રમાણે કરી શકાય છે. સામાન્ય રીતે આસન, પ્રાણાયામ તથા મુદ્રાનો અભ્યાસ કર્યા પછી ધ્યાનનો અભ્યાસ કરવાથી લાભ થાય છે. ધ્યાન કરનારને માટે આસનનો અભ્યાસ અનિવાર્ય નથી તો પણ સારા મનને માટે સારું તન આવશ્યક છે. મનને સારું બનાવવા માટે તનને પણ સારું બનાવવું જોઈએ. એટલા માટે જ આસનોનો અભ્યાસ આવશ્યક છે, એ અભ્યાસનો અનુરાગ જેટલો પણ વધારવામાં આવે તેટલો લાભકારક છે.

**—શ્રી યોગેશ્વરજી**

## ॥ શ્રીકૃષ્ણવિષયક જિજ્ઞાસા ॥

**પ્રશ્ન :** ભાગવતના કૃષ્ણ અને વેદના કૃષ્ણ એ બંને એક જ છે કે એમનામાં કોઈ તફાવત છે ? એની પાછળ કોઈ વિતંડાવાદનો ભાવ નથી, પરંતુ એક પ્રકારની નિર્ભેળ જિજ્ઞાસા છે. તો મારી શંકાનું સમાધાન કરવા વિનંતિ કરું છું.

**ઉત્તર :** તમારી જિજ્ઞાસા જરા જુદી જાતની છે, પરંતુ તેના ઉત્તરમાં મારે કહેવું જોઈએ કે વેદના કૃષ્ણ અને ભાગવતના કૃષ્ણ બંને વસ્તુતઃ તો એક જ છે. બંને પરમાત્માના વાચક છે, ફેર માત્ર એટલો જ છે કે વેદમાં જે જે કૃષ્ણનું વર્ણન કરેલું છે તે કૃષ્ણ નિર્ગુણ નિરાકાર પરબ્રહ્મ પરમાત્માના પ્રતીક છે, જ્યારે ભાગવતના દસમા સ્કંધમાં જે કૃષ્ણની લીલાઓનું વર્ણન કરવામાં આવ્યું છે તે કૃષ્ણ એ જ પરબ્રહ્મ પરમાત્મા હોવા છતાં વાસુદેવ ને દેવકીના પુત્ર થઈને જગતના મંગળને માટે અવતરેલા છે. એ રીતે જોઈએ કે વિચારીએ તો ભાગવતના કૃષ્ણ એ વેદના કૃષ્ણના સાકાર સ્વરૂપ છે એમ કહી શકાય. તત્ત્વતઃ, એ બંનેમાં કશો જ ભેદ નથી. પરંતુ પૂર્ણ અભેદ છે.

**પ્રશ્ન :** એવા આ અભેદ ભાવનો પડઘો ભાગવતમાં પડેલો છે ખરો ? કે જેથી વેદના કૃષ્ણ અને ભાગવતના કૃષ્ણની વચ્ચેની એક વાક્યમાં સમજાઈ શકે ? કે પછી તમે તમારી સમજશક્તિથી આ પ્રમાણે કહી બતાવો છો ?

**ઉત્તર :** મારી સમજશક્તિનો આશ્રય લઈને હું આ પ્રમાણે નથી કહેતો. પરંતુ વેદ અને ભાગવત બંનેનો આધાર લઈને, નક્કર હકીકતોની મદદથી કહી બતાવું છું.

**પ્રશ્ન :** કયી નક્કર હકીકતો ?

**ઉત્તર :** તમે નથી જાણતા કે વેદમાં પરમાત્માના અવતારોનું પ્રતિપાદન કરેલું છે ? ધર્મની સંસ્થાપના માટે તથા અધર્મના અંત માટે પરમાત્મા અવતાર લે છે એવું એમાં વિધાન છે, કૃષ્ણના રૂપમાં એ જ પરમાત્મા પ્રકટ થયા હતા એવો ભાગવતકારોનો નિર્દેશ છે. એવા નિર્દેશો ભાગવતના દશમા સ્કંધમાં ઠેર ઠેર મળે છે. શ્રીકૃષ્ણનો જન્મ થાય છે તે પ્રસંગ જુઓને ! ભગવાન શ્રીકૃષ્ણ સૌથી પહેલાં દેવકી અને વસુદેવને પોતાના અલૌકિક



પરમાત્મ સ્વરૂપનું દર્શન કરાવે છે. તે જોઈને દેવકી અને વસુદેવ બંને આશ્ચર્યચકિત બની જાય છે, તે પછી પરમાત્મા પોતાના અસલ સ્વરૂપને અંતર્હિત કરીને, શ્રીકૃષ્ણનું બાળ સ્વરૂપ ધારણ કરે છે. દસમા સ્કંધમાં ગોપીગીતમાં જ્ઞાનમયી ગોપીઓએ પણ સ્પષ્ટ કહ્યું છે કે અમે તમને ગોપીના પુત્ર નથી સમજતી. પરંતુ અખિલ વિશ્વના અંતરાત્મરૂપે માનીએ છીએ. તમે બ્રહ્માની પ્રાર્થનાથી વિશ્વની રક્ષા કરવા માટે અવતાર ધારણ કરીને યાદવ કુળમાં પ્રકટ થયા છો એવો અમારો દૃઢ વિશ્વાસ છે. મહર્ષિ વ્યાસે પણ કૃષ્ણ તો સ્વયં ભગવાન છે, એમ કહીને એ વાતનો પડઘો પાડી બતાવ્યો છે. એટલે વેદ અને ભાગવતના કૃષ્ણ એક જ છે. એક જ ચૈતન્યતત્ત્વના આવિર્ભાવ.

**પ્રશ્ન :** કૃષ્ણનો મૂળ અર્થ શું થાય ?

**ઉત્તર :** કૃષ એટલે ખેંચવું. એના પરથી કૃષ્ણ શબ્દ થયેલો છે. જે સમસ્ત બ્રહ્માંડને પોતાની તરફ આકર્ષે છે કે ખેંચે છે તેને પરમાત્માના કૃષ્ણ કહે છે. જીવ પણ એ પરમાત્માને પ્રેમના બળથી પોતાની તરફ ખેંચી શકે છે. માટે પણ તે કૃષ્ણ છે.

**પ્રશ્ન :** કૃષ્ણ ભગવાનની આટલી બધી પૂજાને સ્તુતિ, આટલાં બધાં વરસો પછી પણ, કેમ થાય છે ?

**ઉત્તર :** હું તમારા પ્રશ્નના ઉત્તરમાં એવો જ એક બીજો પ્રશ્ન પૂછું છું કે કોઈ પણ વ્યક્તિની પૂજા ને સ્તુતિ, કોઈપણ જાતના કારણ વિના કાંઈ વરસોનાં વરસો સુધી થયા કરે છે ? તેવી પૂજા ને સ્તુતિ ત્યારે જ થાય કે જ્યારે તે વ્યક્તિના નામની પાછળ કોઈ પ્રેરક બળ કામ કરી રહ્યું હોય, કોઈ અવિસ્મરણીય ઈતિહાસ હોય, અથવા તો તે વ્યક્તિએ દેશ કે દુનિયાના અભ્યુત્થાન માટે કોઈ મહત્ત્વનો ફાળો આપ્યો હોય. શ્રીકૃષ્ણ ભગવાનના જીવનની સાથે એ ત્રણે મુદ્દા સંકળાયેલા છે. એથી જ આજે વરસો વહી ગયાં છે. તો પણ, એમનું નામ ભારતીય પ્રજાનાં દિલમાં અમર છે, અને એમની પૂજા ને સ્તુતિ પણ ચાલુ છે.

**પ્રશ્ન :** ભગવાન શ્રીકૃષ્ણના નામની પાછળ કયું પ્રેરક બળ કામ કરી રહ્યું છે ?

**ઉત્તર :** કોઈ એક પ્રેરક બળ નહિ, પરંતુ કેટલાંય પ્રેરક બળો કામ કરી રહ્યાં છે, એમનામાં રહેલો પવિત્ર ને નિર્વ્યાજ પ્રેમ,

એમની ગૌભક્તિ, દુષ્ટતાનું દમન કરવાની એમની તૈયારી, એમની અનાસક્તિ, ગુરુસેવા, ભારોભાર નમ્રતા અને શરણાગતોની રક્ષા કરવાનો એમનો સ્વભાવ, તથા ભોગ અને ઐશ્વર્યની વચ્ચે રહેલા છતાં પણ એમણે વીતાવેલું યોગમય જીવન, એ બધું માનવજાતિને વરસો સુધી પ્રેરણા આપવા માટે પૂરતું છે. વરસો થઈ ગયાં ને હજુ બીજાં કેટલાંય વરસો થશે. પરંતુ એમના જીવનનાં એ પ્રેરક બળો અજર અને અમર રહેશે. દેશ અને દુનિયાને એ પ્રેરણા પાતાં જ રહેશે.

**પ્રશ્ન :** કૃષ્ણ ભગવાને માનવજાતિને માટે બીજો કોઈ મહત્ત્વનો ફાળો આપ્યો છે ?

**ઉત્તર :** કેમ નહિ ? ગીતાના રૂપમાં એમણે માનવજાતિને એક એવો વારસો આપ્યો છે, જેની સરખામણી હીરામાણેક કે મોતીના અમુલખ ભંડારોની સાથે પણ ન થઈ શકે. ભારતીય સંસ્કૃતિ અને સાહિત્યમાં એનું સ્થાન અજોડ છે. જીવનનું કલ્યાણ કરનારી એ સંહિતા કેવળ ભારતમાં જ નહિ ભારતની બહાર પણ લોકપ્રિય થઈ પડી છે. કૃષ્ણે પોતાના જીવનમાં બીજું કાંઈ ન કર્યું હોત, ને એકલો ગીતાનો ઉપદેશ આપ્યો હોત, તોપણ એ અમર બની જાત.

**પ્રશ્ન :** કૃષ્ણ ભગવાનના નામ પાછળ કોઈ ઈતિહાસ છે ખરો ?

**ઉત્તર :** અવશ્ય છે. એ ઈતિહાસ ભાગવત અને મહાભારત જેવા ગ્રંથોમાં જોવા મળે છે. કોઈપણ એને વાંચી ને વિચારી શકે છે.

**પ્રશ્ન :** પરંતુ કેટલાક તો કહે છે કે કૃષ્ણ ભગવાન ઐતિહાસિક વ્યક્તિ ન હતા, પણ કાલ્પનિક હતા; એ બાબતમાં તમે શું માનો છો ?

**ઉત્તર :** હું એમને કાલ્પનિક નથી માનતો, પરંતુ ઐતિહાસિક કે વાસ્તવિક માનું છું. એમના જીવનની સાથે ક્યાંક ક્યાંક કોઈ વધારે પડતી વાતો વણાઈ ગઈ હોય તો તે ભલે, પણ એટલા જ પરથી એમ માની લેવું કે તે હતા જ નહિ, એ બરાબર નથી. એમ તો પછી બધા જ કાલ્પનિક થઈ જશે, ને કોઈનું યે અસ્તિત્વ નહિ રહે. એ પદ્ધતિ મને તો પસંદ નથી પડતી, તથા તંદુરસ્તે નથી લાગતી.

**—શ્રી યોગેશ્વરજી**



# ॥ મર્યાદાપુરુષોત્તમ ॥

**પ્રશ્ન :** બધા જ અવતારી પુરુષોને મર્યાદા પુરુષોત્તમ ના કહી શકાય ?

**ઉત્તર :** મર્યાદા પુરુષોત્તમ શબ્દ એકલા રામચંદ્રજીના સંબંધમાં જ રૂઢ થયેલો છે, તેનું કારણ કેવળ ભાવુકતા, પરંપરા, અંધશ્રદ્ધા, કે રૂઢિચુસ્તતા નથી. એની પાછળ શુદ્ધ તર્ક અથવા તો વિવેક રહેલો છે. બીજા બધા અવતારી પુરુષોનાં જીવન જોઈએ તો તેમની અંદર કેટલાંક ઈશ્વરીય અથવા તો અતિમાનવીય ભાવો કે કર્મોનું દર્શન થાય છે. ક્યાંક ધર્મ ને નીતિની મર્યાદા સંબંધમાં સંદેહ પણ થાય છે. પરંતુ ભગવાન શ્રીરામના સંબંધમાં એવું નથી. શ્રીરામ તો ઈશ્વરાવતાર હોવા છતાં, એક આદર્શ મનુષ્યને છાજે તેવી રીતે લીલા કરી ગયા છે. ઈશ્વરાવતાર હોવા છતાં તે માનવ મટી જતા નથી, એ જ એમની વિશેષતા છે. એ વિશેષતાને લીધે, ભારતવાસીઓના હૃદયમાં તે સ્થાન કરી ગયા છે, અને વરસોથી એ સ્થાનને ટકાવી રહ્યા છે. આ વસ્તુને તમે સમજી શકો છો ? જો સમજી શકતા હશો તો, રામ એકલા જ મર્યાદા પુરુષોત્તમ શા માટે કહેવાય છે તે પણ સમજી શકશો, જીવનની માતાપિતા પ્રત્યેની, સ્ત્રી પ્રત્યેની, ભાઈઓ પ્રત્યેની, બીજાં કુટુંબીઓ પ્રત્યેની, સમાજ પ્રત્યેની, કે પ્રજાજનો પ્રત્યેની જે ફરજો કે જવાબદારીઓ છે, તે ફરજો તથા જવાબદારીઓ તેમણે સહેજ પણ ઉપેક્ષાભાવથી જોયા વગર, યથાયોગ્ય રીતે પાળી બતાવી છે. એમના ધર્મયુક્ત પાલનમાં પોતાના ગમા અથવા તો અણગમાને વચ્ચે નથી લાવ્યા. ધર્મની મર્યાદાનું જ એમણે હંમેશાં ધ્યાન રાખ્યું છે. એ મર્યાદા વિશેની માન્યતાઓમાં ક્યાંક મતભેદ હોઈ શકે તે બનાવાજોગ છે : અને એવા મતભેદ તો ઓછાવત્તા પ્રમાણમાં સદા રહેવાના જ : છતાં પણ જે વખતે જે

પગલું ભર્યું, તે તેમણે પોતાની માન્યતા પ્રમાણે, ધર્મ ને નીતિની મર્યાદામાં રહીને ધર્મ તથા નીતિની મર્યાદાઓને જાળવવા માટે જ ભર્યું હતું. ભારતવાસી એમને એટલા જ માટે મર્યાદા પુરુષોત્તમ કહે છે.

**પ્રશ્ન :** રામને તમે ઈશ્વર કે ઈશ્વરના અવતાર માનો છો ? કે પછી એક આદર્શ મનુષ્ય તરીકે ઓળખો છો ?

**ઉત્તર :** ઈશ્વરના અવતાર પણ માનું છું અને આદર્શ મનુષ્ય તરીકે પણ ઓળખું છું. છતાં પણ, મારી દ્રષ્ટિએ એ સવાલ બહુ મહત્ત્વનો નથી. મહત્ત્વનો સવાલ તો એ જ છે કે શ્રીરામની અસરને તમે સમજી શકો છો ? આજે હજારો વર્ષો થઈ ગયા છે તો પણ, ભારતીય જનતાના હૃદયમાં શ્રીરામચંદ્રજી બિરાજમાન છે. ભારતની પ્રજા એમના જીવનને યાદ કરે છે. એમનાં ગુણગાન ગાય છે, અને એમના જીવનમાંથી પ્રેરણા મેળવવાનો પ્રયાસ કરે છે. એક સાધારણ કે અસાધારણ લોકનેતાનું સ્થાન પણ અમુક વખત પછી ડગી જાય છે. લોકો એની સ્મૃતિને ભૂલી જાય છે ને કાળના પ્રવાહમાં એ કયાં સમાઈ જાય છે તેની ખબરે નથી પડતી. તો રામ તો આજે વરસોથી જીવી રહ્યા છે. ભારતીય પ્રજાના જીવનના સર્વસત્તાધીશ બની ગયા છે. અવતારી પુરુષ બીજું શું કરે છે ? ઈતિહાસને સર્જે છે, ઘડે છે, તથા ધર્મ અને સંસ્કૃતિનું જતન કરે છે. શ્રીરામે પણ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે એ જ કર્યું છે. એ આજે ભારતીય જીવનથી જુદા પડી ગયા છે. પરંતુ ભારતના આરાધ્યદેવ તો રહ્યા છે જ એમની એ સેવા કાંઈ ઓછી નથી. એમને જીવનમાં વણી લઈએ તો ઘણો ઘણો લાભ થાય. એ દ્રષ્ટિએ રામ અવતાર છે. અને અવતાર રહેશે.

**—શ્રી યોગેશ્વરજી**



# ॥ સખ્યભક્તિ ॥

**પ્રશ્ન :** તમે કહ્યું કે સખ્યભક્તિમાં ભક્ત ભગવાનને પોતાના સખા કે મિત્ર માને છે તો શું ભગવાનને એવી રીતે પોતાના સખા કે મિત્ર માનવા બરાબર છે ?

**ઉત્તર :** હા, બરાબર છે, એમાં કશું ખોટું નથી. ભક્તિની એ સાધનાપ્રક્રિયામાં મનુષ્યસ્વભાવનું પ્રતિબિંબ પડે છે. સંસારના મનુષ્યના જે પ્યારા કે મીઠા સંબંધો છે, તેવી જાતના સંબંધોની ભાવના એ ઈશ્વર સાથે પણ કરે છે. અને એ સંબંધોને મજબૂત કરીને એમના દ્વારા ઈશ્વરના રસપ્રદાયક, સુખદાયક, સતત સાન્નિધ્યની ઈચ્છા રાખે છે. ભક્ત એ ઈચ્છા રાખીને ભક્તિ કરે એનો અર્થ શું છે ? લાંબા વખતના અભ્યાસને લીધે એના માટે એવી ભાવના છેક સ્વાભાવિક બની જાય છે. એ ભાવના સંકુચિત નથી હોતી, પરંતુ વિશાળ હોય છે, તે ઉપરાંત, પ્રેમના પવિત્ર સ્વરૂપને ઉત્તરોત્તર વધારે ને વધારે પ્રમાણમાં પ્રગટાવનારી હોય છે. એટલા માટે બાધક નહિ પરંતુ સાધક અથવા તો શ્રેયકર થાય છે. આધ્યાત્મિક વિકાસ માટેના સાધનામાર્ગથી તમારે કોઈ ભાવનાનો તિરસ્કાર નથી કરવાનો, કોઈ ભાવના નીતિથી ખરાબ છે અને એથી વર્જ્ય છે, એમ પણ નથી માનવાનું ફક્ત તે ભાવનાઓ મનુષ્યના હૃદયની એક સહજ ભાવના તરીકે સ્વીકારી લઈને તેને ઉન્નત કરવાનો તથા સાનુકૂળ બનાવવાનો પ્રયાસ કરવાનો છે એમ કરવાથી જીવન ઊર્ધ્વગામી બની શકે છે. એવો ભક્તિમાર્ગના આચાર્યોનો

અભિપ્રાય છે અને એમાં શંકા રાખવાનું કોઈ કારણ નથી.

**પ્રશ્ન :** દાસ્ય અને સખ્યભક્તિનો આધાર સૌએ લેવો જ જોઈએ કે તે વિના પણ ભક્તિ થઈ શકે ?

**ઉત્તર :** સૌએ, એટલે કે ભક્તિમાર્ગના બધા પ્રવાસીઓએ એનો આધાર લેવો જ જોઈએ એવું નથી સમજવાનું. એ સંબંધમાં કોઈ એકસરખો સર્વસામાન્ય નિયમ નથી પ્રવર્તતો, એ તો પોતપોતાની ઈચ્છા. પસંદગી કે રુચિનો પ્રશ્ન છે. જેને એ પ્રકારની ભક્તિનો આધાર લેવો હોય તે લઈ શકે છે. એમાં કોઈ જાતની બળજબરી કે કોઈ પ્રકારના દબાણને સ્થાન નથી. જેને એનો આધાર લેવાની આવશ્યકતા ન જણાય. તે એનો આધાર લીધા વિના પણ આગળ વધી શકે છે. તમે શેનો આધાર લો છો તે એટલું બધું મહત્ત્વનું નથી, જેટલું તમે એ આધાર દ્વારા આગળ વધો છો કે નહિ તે છે આગળ વધવાનું મહત્ત્વ. સાધનામાં સૌથી વિશેષ એ છે. એટલે કોઈ પણ ઉદાત્ત કે સાત્ત્વિક ભાવના જો તે તમારો વિકાસ કરવામાં અગત્યનો ફાળો આપતી હોય તો, તમે તેનો આધાર લઈ શકો છો. યાદ રાખો કે ભક્તિમાર્ગની આ ભાવનાઓ મરજિયાત હોવા છતાં, હૃદયને ઈશ્વરી પ્રેમથી વધારે ને વધારે સભર બનાવવા માટે છે, અને આખરે ઈશ્વરના સાક્ષાત્કારી જીવનને કૃતાર્થ કરવા કાજે છે. આ અગત્યની વાત જો ભુલાઈ જશે તો ભારે નુકશાન થશે. ભક્ત કેવળ ભાવમાં જ અટવાતો ને રમતો થઈ જશે. તો એ ભાવની સંસિદ્ધિ નહિ કરી શકે. ભાવની કિંમત ઘણી છે, પરંતુ ઈશ્વરના સાક્ષાત્કારની કિંમત એથી પણ વિશેષ છે, એ યાદ રાખવાનું છે.



**પ્રશ્ન :** સખ્ય ભક્તિનો આધાર લેનાર પોતાને ઈશ્વરની બરાબરીનો માની લે એવો ભય ખરો ? ઈશ્વરને પોતાના મિત્ર માનનાર ઈશ્વરના વિશેષ મહિમાને સમજી શકે ખરો ?

**ઉત્તર :** જરૂર સમજી શકે. ઈશ્વરની સખાભાવે ભક્તિ કરનાર કંઈ પોતાને ઈશ્વર નથી માની લેતો. એવું માને તે ભક્તિ કહી શકાય જ નહિ. ઈશ્વર પોતાના કરતાં સવિશેષ કે શ્રેષ્ઠ છે એમ સમજીને જ ભક્ત ભક્તિ કરે છે. એટલે તમે કહો છો તેવો ભય રાખવાની જરૂર નથી તમે જાણો છો કે બે મિત્રો વચ્ચે પણ સંસારમાં બધી રીતે સમાનતા નથી હોતી, છતાં તેમની મિત્રતા ટકે છે ને વધે છે. ભક્તના સંબંધમાં પણ એવું જ સમજી લેવાનું, જે સખ્ય ભક્તિ કરવાથી એ પોતાને ઈશ્વરતુલ્ય નથી માની લેતો, કદાપિ નહિ.

**—શ્રી યોગેશ્વરજી**

'મારો ભક્ત કહે છે; હું મારા નિજરૂપની જે સત્તા છે તેના બે ભાગ બનાવીશ. એક બનશે દૃષ્ટા બીજું બનશે દૃશ્ય. એક બનશે ભોક્તા બીજું બનશે ભોગ્ય. અનંત ઊર્જાઓનો મહારાસ શરીરમાં ચાલે છે તો ચાલોને ! અહીં જ વૃંદાવન બનાવીને રાસ રમીએ. રાસ રમતાં, હરિને ભજતાં જ જિંદગી કેમ ન વિતાવીએ !'

**—'જ્ઞાનેશ્વરી'**

# ॥ ગુરુ અને શિષ્યનો સંબંધ ॥

ગુરુ શિષ્યને સ્વીકાર્યા પછી કદી તેને ત્યજતા નથી. જ્યાં સુધી અંતિમ ધ્યેય સિદ્ધ ન થાય ત્યાં સુધી એ ક્યાંયે જતા નથી.

'ગાઢ અંધકારમાંથી જે પ્રકાશ તરફ દોરી જાય, ગૂઢ તત્ત્વને પ્રગટ કરી આપે તે ગુરુ.'

ગુરુને શરણે જાઓ. જ્યારે કશું ન સૂઝે ત્યારે ગુરુનો આધાર લો. એ હાથ પકડીને પાર ઊતારશે. જેના પ્રત્યે તમારી સૌથી વધારે શ્રદ્ધા હોય, જેના ચરણમાં તમારું માથું નમતું હોય તમે તેને ગુરુ માની લો. એમના ઉપદેશોને વિચાર કર્યા વિના સ્વીકારો. એ જ તમારો હાથ પકડી એક જન્મમાં કે પચાસ જન્મમાં તમને ભગવાન પાસે પહોંચાડશે. તમારો ધર્મ એ છે કે ગુરુ જે કહે તેનું, પરિણામ પ્રત્યે દુર્લક્ષ્ય સેવી, પાલન કરો.

ગુરુ શિષ્યનો સંબંધ અમર છે. શાશ્વત છે. નિત્ય છે. ગુરુનું શરીર છૂટી જાય તોય તે શિષ્યને કદી છોડતા નથી. જો ગુરુ એક વાર આશ્રય આપે છે તો તે શિષ્યનું લક્ષ્ય પૂરું ન થાય ત્યાં સુધી જતા નથી.

ગુરુના દેહત્યાગ પછી જો તમે તેમને સ્થૂળ પાર્થિવ શરીરમાં ન જોઈ શકો તો પણ તમને તે દોરશે. તમારું લક્ષ્ય પૂર્ણ ન થાય તમારું પ્રયોજન સિદ્ધ ન થાય, ત્યાં સુધી એ તમારું માર્ગદર્શન કરશે.

ગુરુને વારંવાર પૂછો. એ જે કહે તેને અનુસરો. વળી પૂજા-પાઠ, સાધન, ભજન પણ કર્યાં કરો. જેમ ખાવું-પીવું, નોકરી, ઊંઘવું, બેસવું આ બધાં નિત્ય કર્મ કર્યાં કરો છો તેમ નિત્ય નિઃસંશય બનવા માટે પ્રભુ-પ્રાર્થના કર્યા કરો. પૂજા-પાઠ કર્યા કરો. આગ પ્રગટાવો,



તાપ લાગશે જ. મનથી જો કરશો તો બદલાઈ જશો.

પ્રતિદિન નિશ્ચિત સમયે દસ મિનિટ માટે પણ ભગવાનનું સ્મરણ કરો. પ્રાર્થના કરો. સંસારની ઘટમાળને લીધે જો તમે એક સ્થળે ચૂપચાપ બેસી ન શકો તો ઓછામાં ઓછું તમારા નક્કી કરેલા સમયે મૌન પાળીને ઈષ્ટનું સ્મરણ કરતા રહો. શુદ્ધ-અશુદ્ધનો વિચાર કરશો નહિ. ન્હાઈને અને કપડાં બદલીને પવિત્ર ન થવાય તોય વાંધો નથી. સ્મરણના નિર્ધારિત સમયે જાજરૂ જવું પડે તોય કંઈ જ વાંધો નથી. ત્યાં બેઠા બેઠા દસ દસ મિનિટ ભગવાનનું નામ સ્મરણ કરો, પ્રાર્થના કરો. એ દસ મિનિટનો સમય એને આપેલો છે એમ માનવું. પશુ-પક્ષી જેમ નિશ્ચિત સમયે કલબલાટ કરે છે, કોઈ વિઘ્ન-બાધામાં પણ તેઓ અટકતા નથી, તેમ તમે લોકો પણ નિશ્ચિત સમયે નામ-સ્મરણ કરો. ભગવાને આપેલો સમય સદા સ્મરણમાં રાખો અને જપ કરો.

(ગુરુદેવશ્રી યોગેશ્વરજી પણ કહેતા કે, તમે મળવિસર્જનની ક્રિયા માટે જાવ તો તે સમય દરમ્યાન પણ મંત્ર-જાપ કરી શકો. ભગવાન તો સર્વત્ર વ્યાપ્ત છે.)

સ્વજન :— મોટા, અમને આપની સાથે ને સાથે જ રાખશોને ?

શ્રી મોટા :— એનો આધાર તમારા ઉપર છે. કોઈને કોઈ જન્મમાં આપણે અથડાઈ ગયેલાં છીએ. આ વખતે આપણે કંઈ એમ ને એમ મળ્યાં નથી. માટે તમને કહું છું કે 'યા હોમ કરીને પડો, ફતેહ છે આગે.'

માતા-પિતા, ભાઈ-બહેન, કાકા-મામા વગેરે સંસારી સંબંધોનો કોઈ ને કોઈ કાળે અંત આવે છે. એક માત્ર પોતાના ગુરુ સાથેનો

સંબંધ કાયમી અને શાશ્વત રહે છે. જેમણે પરમ તત્ત્વનો સાક્ષાત્કાર કરેલો હોય તેવા પરમસિદ્ધગુરુ પોતાના શિષ્યને ભવોભવ મળતા રહે છે. તેઓ આધ્યાત્મિક સાધનાને આગળ ને આગળ ધપાવી શિષ્યને ભવબંધનમાંથી છોડાવે છે. શિષ્ય પરમ તત્ત્વમાં વિલીન થાય ત્યાં સુધીની યાત્રામાં ગુરુ શિષ્યની સાથે જ રહે છે પછી ભલેને તેઓ સ્થૂળ શરીરમાં હોય કે ન હોય.

મૃત્યુની પૂર્વ ક્ષણોમાં ગુરુ હાજર રહી શિષ્યને સૂક્ષ્મલોકમાં દોરી જાય છે. ગુરુ સંસારની મોહમાયાની મોહિનીનો અંધકાર દૂર કરી સંસારી જીવોને પ્રભુ તરફ વાળવાનું અને વાળેલાઓને સહાય કરવાનું કામ કરે છે. તેઓ પ્રભુના પ્રતિનિધિ તરીકે કામ કરે છે. તેઓ જેટલી કક્ષાએ પહોંચેલા હોય તેટલી કક્ષાએ શિષ્યને લઈ જઈ શકે છે.

**—સંકલન : શ્રી કનૈયાલાલ ઝિંઝુવાડિયા**

'ગુરુ પ્રત્યેનો પ્રેમ અને સમર્પણ એ જ એકમાત્ર ઉકેલ છે. આપણને સોંપાયેલ ફરજ બજાવતા રહીએ અને સર્વત્ર વિલસતા ગુરુમહારાજને મન-વચન-કર્મ બલકે આપણું પૂરું જીવન સમર્પિત કરી દઈએ. એમનામાં શ્રદ્ધા મૂકી એટલે વાત પૂરી.'

**—શ્રી સાંઈબાબા**



## ।। સો સો વર્ષોનાં વહાણાં ।।

**હે આજ સો સો વર્ષોનાં વા'ણાં વાઈ ગયાં(૨)
તોય હજી લાગે, તોય હજી લાગે(૨)
કાલ સવારની વાત રે...
યોગેશ્વર પ્રભુ !......સો સો વર્ષનાં
હે આજ સરોડા જોતાં પ્રભુ મને સાંભરે(૨)
ને સ્વર્ગારોહણ તો(૨) સ્વર્ગારોહણ તો
'મા'નું કર્મભૂમિધામ રે...
યોગેશ્વર પ્રભુ !
હે આજ સત્સંગનાં રૂપ બધાં બદલાઈ ગયાં
પણ ભાવ પ્રભુમય, ભાવ પ્રભુમય
એનો એ જ જણાય રે
યોગેશ્વર પ્રભુ !
હે આજ સો વર્ષે પર્વ સૌ મનાવતા
ભક્તો બધા, ભક્તો બધા
આનંદઘેલા થાય રે
યોગેશ્વર પ્રભુ !
હે આજ કરુણામૂર્તિ છે 'મા' સર્વેશ્વરી(૨)
દર્શન પામી, દર્શન પામી
શાંત ચિત્ત થાય રે...
યોગેશ્વર પ્રભુ !
હે આજ કર જોડી માગે ભક્તો આપના
રહેજો સદાયે, રહેજો સદાયે
પ્રભુ, મારી સંગાથ રે...
યોગેશ્વર પ્રભુ !
હે આજ સો સો વર્ષોનાં વા'ણાં વાઈ ગયા.**

**—શ્રી રૂચિત પંડ્યા
(દિલખુશ)**

## ॥ ભજનભાવે ભરપૂર ॥

ભજનભાવે ભરપૂર....
ભજનભાવે ભરપૂર રે'જો રેનદિન સંસારી !
નકામી ઉપાધિ દેજો તમે છોડી...
આપબળ છોડી પૂરા માલમીથી,
સમજી સમજીને તાલ મેળવજો;
એકાગ્રતાથી રામસાગરનો મેળ કરી,
નિજાનંદ હેલી રેલમછેલ રેલવજો.
રામસાગરના સૂરથી નાદબ્રહ્મ પ્રગટતાં,
સૈજે જ્ઞાનગુમાનને નાખશે તોડી;
ભજનભાવે ભરપૂર રેજો રેનદિન સંસારી !
નકામી ઉપાધિ દેજો તમે છોડી...
કીર્તન તો કોકિલ કંઠવાળું જ,
અંતરમાં મહાભાવને જગાડે છે;
પરાપાર પ્રગટેલી પ્રેમવાણી તો,
ઉપાસનામાં તીવ્ર લગની લગાડે છે.
દાસી ભણે સદ્ગુરુ ચરણો પ્રેમથી પખાળી,
હરિ તો આવે વિના બોલાવે દોડી;
ભજનભાવે ભરપૂર રે'જો રેનદિન સંસારી !
નકામી ઉપાધિ દેજો તમે છોડી...

—શ્રી મનસુખ કાકડિયા
'દાસી'

★



## ॥ પ્રેમપદારથ ॥

અમે રે જમુના જળમાં ઝાડવાં
તમે રે મથુરા મોઝાર
કઈ રીતે રે તમને પામવાં ?
અમે રે ગોકુળિયાની ગોપીઓ
તમે રે દ્વારિકા મોઝાર
કઈ રીતે રે તમને પામવાં ?
અમે રે બરસાનાની રાધિકા
તમે રે નંદગ્રામ મોઝાર(૨)
કઈ રીતે રે તમને પામવા ?
પ્રેમ પદારથ પૂરણ જાયો
પ્રીતિ રડશું ચોધાર (રડશું)
એ રીતે રે તમને પામશું.

—શ્રી મનુભાઈ વ્યાસ

'ગોપીઓ ધન્ય છે તમને ! ધન્ય છે તમારા કૃષ્ણપ્રેમને ! હું તો તમારા ચરણોની રજ બનવા પણ સમર્થ નથી. જે યોગીઓ, સિદ્ધો અને ભક્તોને માટે પણ કેવળ ભાવગમ્ય છે એમને તમે રમાડ્યા. એમની પાસે વેણુવાદન કરાવ્યું. એમને 'માખણચોર' કહ્યા. ધન્ય ધન્ય ગોપીઓ !'

—ઉદ્ધવ